સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

માર્ચ - ૨૦૦૮
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



'ધન્ય વદન એ મહાપુરુષનું, કલેશ તણું જ્યાં નામ નથી; કાવ્ય રમે જેના ચહેરા પર, રાગ-દ્વેષને સ્થાન નથી !'

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પનોતા સુપુત્ર

**પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના ૩૫મા જન્મોત્સવ (તા. ૨૭-૩-૦૮)પ્રસંગે શતશઃ પ્રણામ પૂર્વક શુભેચ્છા...




શ્રી સ્વામિનારાયણ

# ચિંતન

વર્ષ :- ૩, અંક :- ૯, તા. ૨૦-૦૩-૦૮

:: સંસ્થાપક ::

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી

આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

:: અધ્યક્ષ ::

પ.પૂ. ૧૦૮ શ્રી

ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ

:: પ્રયોજક ::

પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી

કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી

:: તંત્રી ::

સાધુ દિવ્યસ્વરૂપદાસજી

:: સંપાદક ::

સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | | |
|---|---|---|
| બે વર્ષ | : | રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : | રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : | રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : | $ 200 U.S.A. |
| | : | £ 100 U.K. |

:: લવાજમઅંગે ગ્રાહક પત્રવ્યવહાર ::



'ચિંતન કાર્યાલય'

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

Visit us : www.sardhardham.org

E-mail : amrutdhara2003@yahoo.com




## "પ્રગટે શ્રીહરિ કૃષ્ણ અવતારી..."

પ્રગટે શ્રીહરિ કૃષ્ણ અવતારી;
પ્રગટ પ્રતાપ છાયો ત્રિભોવનમે, ગાવત અજ ત્રિપુરારી...પ્રગટ૦૧
જેહિ પ્રતાપ અવિલોકી કંપે અરિ, કામલોભાદિક ભારી;
મહા બલવાન નિર્બલ ભયે જેહિ ડર, નમત ચરન શિરધારી...પ્રગટ૦૨
જાકો નામસુનત યમકિંકર, ભાજત ત્રાહી પુકારી;
પ્રેમાનંદ કહે સ્વામિનારાયણ, નિર્ભે જપત નરનારી...પ્રગટ૦૩

## :: અનુક્રમણિકા ::


૧ પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ.... ૦૪
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ રાજુ ભગત - સરધાર

૨ પ.પૂ. ધ.ધુ. આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ... ૦૬
- સ્વામી આનંદસ્વરૂપદાસજી - સરધાર

૩ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ... ૦૮
- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૪ શ્રી સ્વામિનારાયણ ધર્મ અને વિશ્વધર્મ... ૧૦
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ રાજુ ભગત - સરધાર

૫ હે મહારાજ ! મારે આપની સાથે જ લગ્ન કરવા છે ૧૮
- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૬ જો વિકૃતિ વકરશે તો, કેવી દશા હશે આ દેશની ? ૨૦
- પાર્ષદ સર્વમંગલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૭ યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો-પ્રશ્નોત્તરી... ૨૨
- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૮ સત્સંગ સમાચાર... ૨૪
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

૯ ઠાકોરજીનો થાળ તથા સંતો-ભક્તોને રસોઈ દેનારની શુભ નામાવલી... ૨૬
- સંકલિત

૧૦ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો... ૩૦
- સંકલિત

૨૨૭મા પ્રાગટ્યોત્સવે પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણને કોટિ કોટિ વંદના

# પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળિયું...

સં. ૧૮૩૭ ચૈત્ર સુદ - ૯ (ઈ.સ. તા. ૨-૪-૧૭૮૧)

- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ રાજુ ભગત - સરધાર



'પુરુષોત્તમ પોતે પ્રગટ્યા, સ્વયં મૂર્તિ સાક્ષાત્;
સોળે કળા સંપૂરણ, કહ્યામાં નાવે વાત.
મારી પે'લીવે'લી આવીને, મત પંથ માથે મેખ;
મેલાવ્યાં માન મહંતનાં, અસદ ભેખ ગુરુ ટેક.
ધર્મ એકાંતિક થાપીયો, ધરા ઉપર ધર્મ લાલ;
ઉખેડ્યાં મૂળ અધર્મનાં, કામને કીધો બેહાલ.
કામ ક્રોધ લોભ મોહ માન, વાંકા મેવાસી અસૂર;
જીતી બ્રહ્મા ભવ ઈંદ્રને, માનમાં ફરે મગરૂર.
એવા અસૂર આજ મારીયા, શું જાણે મતિમંદ;
પ્રબળ પ્રતાપ દેખાડીયો, સ્વામી સહજાનંદ.
અનંત જીવને ઓધારિયા, શરણે આવ્યા જોડી હાથ;
મહા સુખ દીધાં નિજ જનને, પ્રેમાનંદને નાથ.'

• • • • •

**જેઓ અતિ કરુણા કરી આ બ્રહ્માંડમાં મનુષ્ય રૂપે પ્રગટ થયા, એકાંતિક ધર્મનું સ્થાપન કરી જેમણે પતિતોનો ઉદ્ધાર કર્યો, ધર્મકુળમાં પોતાના સ્થાને આચાર્ય ગુરુ પરંપરાનું સ્થાપન કરીને ભાવિ પેઢીના અનંત જીવો માટે આત્યંતિક કલ્યાણનો ધોરીમાર્ગ ચાલુ કર્યો છે એવા સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ, સર્વનિયંતા, અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનાં ૨૨૭મા પ્રાગટ્યોત્સવે તેઓના શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન...**

"જે કાર્ય એક સહજાનંદે ગુજરાતમાં કર્યું છે તે રાજદંડ ન કરી શક્યો ને નહીં જ કરી શકે."

- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી

"જો બધાં જ નાગરિકો ભગવાન સ્વામિનારાયણે આપેલી શિક્ષાપત્રીનું પાલન કરે તો ભારતીય પોલીસધારાની જરૂર જ રહે નહીં."

- સરદાર વલ્લભભાઈ પટેલ

"શ્રી સ્વામિનારાયણે ચારિત્ર્ય અને અન્ય સદ્‌ગુણો સાથે નોંધપાત્ર આકર્ષક અને પ્રભાવશાળી વર્તનનો સુમેળ સાધ્યો હતો. એ જ ઘણું કરીને તેમની સફળતાનું કારણ હતું. અને તેથી જ તેઓ અદ્વિતીય નેતા તરીકે પુરવાર થયા હતા. આથી, તેમના અનુયાયીઓ એટલા ઝડપથી વધ્યા હતા કે સત્તાધારીઓ પણ એમની પ્રખ્યાતિની ઈર્ષ્યા કરવા લાગ્યા હતા."

- સર મોનીઅર વિલિયમ્સ

"સહજાનંદ સ્વામીની ધાર્મિક અસર વિશેષ પ્રભાવક બની - એમની સામાજિક સુધારણાની નખશિખ ઝુંબેશથી. આ ઝુંબેશ એમણે પોતાના ધાર્મિક સિદ્ધાંતોના જેટલા નિર્ધારથી ઉપાડી હતી. પોતાના ધાર્મિક અને નૈતિક ઉપદેશનો ખાસ લાભ આપીને તેમણે નબળા વર્ગો અને વિશેષે કરીને મહિલાઓની સ્થિતિમાં ખૂબ પરિવર્તન આણ્યું હતું."

- ફ્રાંઝ્વા મેલિસ (ફ્રેન્સ વિદુષી)

"અગાઉ ધાર્મિક સુધારણા અને ધાર્મિક પ્રેરણા સાથે સમાજસુધારણા અવિભાજ્યરૂપે વણાયેલી હતી. પરંતુ ૧૯મી સદીમાં આ બે વચ્ચેના સંબંધમાં અસ્થિરતા આવી. ક્યારેક કહેવાતા બિનસાંપ્રદાયિક અને બુદ્ધિવાદી પરિબળો નિર્ણાયક બન્યાં હોવાં છતાં આ સદીમાં થોડા સમાજ સુધારકો થયા. તેમાં સૌથી વધુ નોંધપાત્ર જો કોઈ હોય તો તે છે ગુજરાતના શ્રી સ્વામિનારાયણ."

- જે. એફ. આઈ. જોડી

(એ કલ્ચરલ હિસ્ટ્રી ઓફ ઈન્ડિયન - ઓક્સફર્ડ, ઈંગલેન્ડ)

"પ્રાંતના શ્રેષ્ઠ બુદ્ધિશાળી માણસો માને છે કે શ્રી સ્વામિનારાયણના ઉપદેશે લોકોની નૈતિકતાને સુધારવામાં ખૂબ મહાન અસર પાડી છે. અને રિપોર્ટર અંતે ઉમેરે છે કે Me own intercourse with the natives lead me to form the same opinion. મતલબ કે મારો પોતાનો સ્થાનિક દેશવાસીઓ સાથેનો અનુભવ-વાર્તાલાપ પણ મને એ જ અભિપ્રાય બાંધવા પ્રેરે છે."

- એશિયાટિક જર્નલ (લંડનથી પ્રકાશિત ન્યૂઝ)

"શાસ્ત્રમાંથી કોઈપણ શીખી શકે તેના કરતાં ભગવાન સ્વામિનારાયણના ભક્તોની નૈતિકતા ઘણી વધુ ઉચ્ચ હતી. તેમણે એટલી ઉચ્ચ પવિત્રતા અને સંયમની ભાવના સિંચી હતી કે તેમના શિષ્યો ત્યાંથી પસાર થતી સ્ત્રીઓ સામે નજર માંડીને જોતા નહિ. અને તેઓ જે જે ગામોમાં, જિલ્લાઓમાં ગયા, જ્યાં જ્યાં તેમને લોકોએ સ્વીકાર્યા, તે લોકો અને સ્થળો પહેલાં અત્યંત હીન કક્ષાના હતાં, આજે પ્રાંતમાં શ્રેષ્ઠ કક્ષાનાં છે !"

- બિશપ રેજિનાલ્ડ હેબર

(ભગવાન શ્રી સ્વામિનારાયના સમકાલીન ખ્રિસ્તી ધર્મગુરુ)

"આ ખેદાનમેદાન થઈ ગયેલા સમાજને નીતિ અને ન્યાયના પ્રાથમિક પાઠો શીખવ્યા - સ્વામી સહજાનંદે, આશાના કિરણ માટે વલખાં મારતી પ્રજાએ તેમને ઈશ્વરના અવતાર માન્યા. અનેક સ્ત્રીઓએ સ્વામિનારાયણનો પંથ સ્વીકાર્યો. કાઠિયાવાડી સ્ત્રીઓ તેમને માટે આભલાનાં ભરત ભરતી, ગુજરાતણો પકવાન બનાવતી અને એ રીતે શ્રદ્ધાળુ-કૃતજ્ઞ દિલનો ઊમળકો વ્યકત કરતી.

મંદિરને આંગણે ભૂલાઈ ગયેલી સામાજિક વૃત્તિ ફરી સજીવન થઈ. સ્વામી સહજાનંદે દુકાળ આવતા પહેલાં ચેતવણી આપી, દુકાળ આવ્યા પછી રાહતકાર્ય કરતાં શીખવ્યું. લોકો પાસે તળાવો ખોદાવ્યાં, સભામંડપો બંધાવ્યા. ચૂંથાયેલા ઘરસંસારને ઘડ સમી બેસાડવા માટે તેમણે ગુજરાતને શિસ્તબદ્ધ ઉદાર દિનચર્યા આપવાના પ્રયાસો આરંભ્યા. સ્ત્રીજગતને તેમણે સાથ આપ્યો."

- શાંતા ગાંધી

વડતાલમાં શ્રીજીમહારાજે સ્વહસ્તે આરતી ઉતારીને પોતાના સ્થાને આરૂઢ કર્યા છે એવા

# પ.પૂ. ધ. ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીની ૧૯૬મી જન્મ જયંતિ પ્રસંગે શતશઃ પ્રણામ પૂર્વક કોટિ કોટિ વંદના...

## સં. ૧૮૬૮ ફાગણ વદ - ૪ (ઈ.સ. તા. ૩૧-૩-૧૮૧૨)

- સ્વામી આનંદસ્વરૂપદાસજી - સરધાર



જેમને સનાતન ધર્મનું રક્ષણ કરવા પૂર્વક અનેક મુમુક્ષુજનોના સંસૃતિ સાગર થકી ઉદ્ધારને માટે, સ્વસ્થાપિત સંપ્રદાયના વિકાસ-પ્રવૃત્તિને અર્થે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની આચાર્ય પદવી ઉપર સૌપ્રથમ બેસાડ્યા છે એવા શ્રી રઘુવીરજી મહારાજ તે શ્રીજીમહારાજના જ ભત્રીજા હતા.

આ આચાર્યવર્યનો જન્મ શ્રીજીમહારાજે બાળપણામાં જ પાવન કરેલા ઉત્તર કોશળ દેશ મધ્યે આંબલિયા ગામમાં માતા - વરિયાલી દેવી થકી સં. ૧૮૬૮ના ફાગણ વદી ચોથને દિવસે થયો હતો. (શ્રી રઘુવીરજી મહારાજને ભગવાન શ્રીહરિના સાંપ્રદાયિક - લીલાચરિત્રોના અનેક ગ્રંથોમાં ભગવાન શ્રી રામચંદ્રજીના અવતાર સ્વરૂપે વર્ણવેલા છે.)

સદ્‌ગુણોથી સેવાતા અને દુર્ગુણોથી પરાભવ નહિ પામતા અને હંમેશા સત્ય બોલનારા એવા આ આચાર્યવર્ય બાલ્યાવસ્થાથી જ પરોપકાર કરવાની વૃત્તિવાળા હોવાથી સર્વજનોને માતાપિતાની માફક પ્રિય બન્યા હતા.

પિતા થકી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે યજ્ઞોપવીત સંસ્કાર પામીને થોડા સમયમાં વેદ-વેદાંગમાં પ્રવીણ થયા, વિદ્યાની પેઠે વિનયથી પણ સંપન્ન થયા, યૌવનની શોભાની પેઠે વિવેકની શોભાથી પણ શોભવા લાગ્યા. વિદ્યા, ધન અને પરિવારના ઉત્કર્ષપણાની પેઠે સરલ સ્વભાવથી પણ શોભતા એવા આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ મધુર અને કોમળ વાણી તથા શ્રેષ્ઠ ધર્મોના આચરણથી સેવકવર્ગને પણ આકર્ષણ કરતા હતા.

જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતે ઘણા સમય સુધી (સં. ૧૮૫૮ થી ૮૨ = ૨૪ વર્ષ) ધારણ કરેલી અને ધર્મનું જ રક્ષણ કરનારી, પરોપકારૈક-પરાયણ આચાર્ય પદવીને યોગ્ય પુરુષમાં અર્પણ કરી પોતાના આનંદમય અક્ષરધામમાં જવાની ઈચ્છા કરી ત્યારે જે ભગવાન શ્રીહરિની દૃષ્ટિએ ગુણયુક્ત પોતાના મોટાભાઈ અને નાનાભાઈના પુત્રોમાં જ પ્રવેશ કર્યો, જેમાંનાં એક આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજ હતા. અને બીજા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ હતા. ભગવાન શ્રીહરિએ આ બંનેને પોતાના પુત્રપણે સ્વીકારીને આચાર્ય પદવી પર અભિષેક કર્યો તેમાં આ શ્રી રઘુવીરજી મહારાજને શ્રી લક્ષ્મીનારાયણ દેવથી અલંકૃત દક્ષિણ દેશની ગાદી ઉપર અભિષેક કરીને પોતાના સંપ્રદાયની પ્રવૃત્તિ કરાવવા રૂપ આચાર્ય પદવી (સં.૧૮૮૨ કારતક સુદ - ૧૧ને દિવસ) અર્પણ કરી.

ત્યારબાદ ટૂંકસમયમાં ભગવાન શ્રીહરિ આ લોકમાંથી અંતર્ધાન થયા તે સમયને આરંભીને શ્રીજીમહારાજની આજ્ઞાને વારંવાર સંભારીને સત્પુરુષો (ત્યાગી સંતો) દ્વારા શ્રીજી સ્થાપિત ઉદ્ધવ સંપ્રદાયને ચોતરફ પ્રવર્તાવીને પ્રતિદિન વૃદ્ધિ પમાડવા લાગ્યા અને પ્રતિદિન વૃદ્ધિ પામેલી આચાર્યશ્રીની ગુણ સંપત્તિએ કરીને સર્વજનોને સ્પૃહા કરવા યોગ્ય થયા.



ભગવાન શ્રીહરિના ચરણકમળના આશ્રયવાળા પરમહંસો પણ ઈષ્ટદેવ શ્રીજીમહારાજની આજ્ઞાને સંભારીને તેમના સ્થાને બિરાજતા આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞામાં રહીને પ્રથમની પેઠે જ સર્વ મુમુક્ષુઓને અનંત પ્રકારના સદુપદેશથી સારી રીતે બોધ આપતા થકા દેશાંતરમાં વિચરવા લાગ્યા. અને આચાર્યવર્ય પણ, ''આ પરમહંસો ભગવાન શ્રીહરિના ચરણકમળના સાક્ષાત્ સંબંધવાળા - તેમના આશ્રિત છે એમ જાણી તે સર્વને વિષે બહુ પ્રેમ દર્શાવતા થકા સન્માનપૂર્વક પ્રતિદિન પૂજ્યભાવ રાખતા હતા.''

અને પોતે પણ ગૃહસ્થાશ્રમમાં રહેતા હોવા છતાં સંતોની માફક નિષ્કામભાવથી પોતાનું સમગ્ર જીવન એકમાત્ર શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણાદિ દેવોની સેવામાં જ વ્યતીત કરવાના સદાગ્રહી હતા અને ત્યાગપ્રધાન પરમહંસના ધર્મ પ્રવર્તાવવા તથા સારી વિદ્યાની ઉન્નતિ કરવી તથા શાંતિમાં રહેવું એ આદિક તેઓશ્રીના દિવ્ય ગુણોથી જેઓશ્રી સંતો-પરમહંસોને પણ આદરને પાત્ર બન્યા હતા.

આ આચાર્યશ્રીનો સંતો પ્રત્યેનો આદરભાવ અપૂર્વ હતો, જેથી વડતાલમાં એક બિમાર સંતને માટે પોતે રાત્રે ઊઠીને પોતાને જ હાથે, તાવના દર્દીને અનુકુળ આવે તેવો હવેજ યુક્ત બાજરાનો રોટલો બનાવીને જમાડેલો. જેથી શ્રીજીમહારાજ પણ અત્યંત પ્રસન્ન થયા હતા તે ઈતિહાસ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.

આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને શ્રીજીમહારાજના સ્વરૂપની સર્વોપરિપણાની અનન્ય નિષ્ઠા હતી. તેથી શ્રીજીમહારાજે કેટલીકવાર તેમનું આપત્તિઓથી રક્ષણ પણ કરેલું છે. સંપ્રદાયમાં અમદાવાદ કે વડતાલ વિભાગમાં કોઈપણ ઠેકાણે ક્યારેક વાદી પંડિતોથી ઉપાધિ આવતી ત્યારે સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી જેવા સંતોને પછી તે ગમે ત્યાં હોય ત્યાંથી બોલાવીને પણ મોકલતા. આ માટે શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩માં કહેલ છે તે મુજબ અમદાવાદમાં ગોંસાઈજીએ કરેલી ઉપાધિને નિવારવા સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીને વડોદરાથી તત્કાળ બોલાવીને આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની પાસે મોકલ્યા હતા, આ જ સાંપ્રદાયિક એકતાનું પ્રતીક આચાર્યશ્રી પોતાના જીવનમાં જણાવે છે.

જે આચાર્યશ્રીએ ભગવાન શ્રીહરિની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરતા થકા વડતાલ આદિક મંદિરોમાં સ્વહસ્તે મૂર્તિપ્રતિષ્ઠાઓ કરેલી છે. તેમાં સૌપ્રથમવડતાલમાં શ્રી રણછોડરાય, ગઢપુરમાં સ્મૃતિમંદિરમાં ચરણારવિંદ તથા મુખ્ય મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા બાજુમાં રેવતી-બળદેવજી તથા શ્રીકૃષ્ણના સ્વરૂપો તેમજ ધોલેરા અને જૂનાગઢમાં પણ શ્રીહરિકૃષ્ણ મહારાજની શ્રીજીમહારાજની પ્રાસાદિક વાસણાદિ વસ્તુઓથી બનાવેલી પંચધાતુની મૂર્તિ પધરાવી છે. તેમજ ખંભાતમાં નવું મંદિર કરાવી તેમાં શ્રીજીમહારાજે આપેલા જબરેશ્વર શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિ દેવોની પ્રતિષ્ઠા કરી તથા ભરૂચમાં મંદિર કરાવીને રેવતી-બળદેવજી સહિત શ્રીહરિકૃષ્ણ મહારાજનું સ્વરૂપ સ્થાપિત કર્યું તેમજ સુરતમાં મંદિર કરાવીને શ્રીજીમહારાજે આપેલું તેમનું શ્રીનારાયણમુનિ સ્વરૂપ આદિ દેવોની પ્રતિષ્ઠા કરી તેમજ નિમાડ દેશના ધર ગામમાં નારાયણ ભગવાનું સ્વરૂપ તથા બુરાનપુરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા સાવદામાં શ્રી રાધાકૃષ્ણ દેવ તેમજ સોરઠ દેશના માણાવદર ગામમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ વગેરે તથા ઉનામાં શ્રી બાલમુકુંદ ભગવાનની પ્રતિષ્ઠા કરી તેમજ સારંગપુરમાં શ્રી કષ્ટભંજન દેવ સહિત ભગવાન શ્રી સ્વામિનારાયણનું મંદિર પણ આ આચાર્યશ્રીના સમયમાં જ થયેલું છે. જે જગપ્રસિદ્ધ બનેલું સર્વવિદિત છે.

- અનુસંધાન પાન નં. ૨૩ પર

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પનોતા સુપુત્ર

# પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૩૫મા જન્મોત્સવ (તા. ૨૭-૩-૦૮) પ્રસંગે શતશઃ પ્રણામ પૂર્વક શુભેચ્છા...



## ।। पदारविन्दे भावि आचार्यस्य भूयो भूयो नमाम्यहम् ।।

જન્મ સં. ૨૦૩૦ ફાગણ વદ - ૫ (રંગપંચમી) (ઈ.સ. તા. ૧૪-૩-૧૯૭૪)

- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



पदानुरागिभिः सद्भिः धर्मकुलगुरुं भुवि ।
पूज्यपदं हि संप्राप्तं गृहित्वाऽऽश्चर्यकारकम् ।।१।।
धर्मिणौ हि यथा भूतौ भवन्तौ हि तथा किल ।
धुर्गते जातः तेजस्वी यथा हरिस्तथा सुतः ।।२।।
भानुवत् भासमानं तं पश्यति दिव्य चक्षुषा ।
विलोकते नु नोऽभाग्यः अन्धः सूर्योदयं यथा ।।३।।
आमहोदधिपर्यन्तं तीर्थपूजादिकं फलम् ।
चार्चनेन गुरोरंघ्रेः सहस्त्रांशेन न तुल्यम् ।।४।।
र्यत्नेनोपासनीयश्च मुक्तिसोपानपूर्वपद् ।
श्रीदीपभूतः सर्वेषां मुक्तिनां यदवस्थितः ।।५।।
नूनमनो गुरोरंघ्रिः देवानामपि दुर्लभः ।
गेयो गुरुः सेव्योऽनिशं यावत् चन्द्रदिवाकरौ ।।६।।
न्यूनता-मनुष्यत्वे यो पश्यति श्रीगुरौ किल ।
द्रवन्ति क्षणादेव तद्बुद्धि-श्रीकान्तिकीर्तयः ।।७।।
प्रहर्षेण सदा पुण्य-कामैः वन्द्यो हि सर्वथा ।
सादरं सर्वदा सर्वैः गुरोःपादसरोरुहे ।।८।।
दर्शनीयोऽर्चनीयोऽसि सर्वैः वन्द्यस्त्वमीश्वरः ।
जीवश्रेयस्करो त्वं च सर्वमंगलकारकः ।।९।।
महानृगेन्द्रसिंहो हि भावी सम्राट् प्रतिभया ।
हाऽस्य हरेः प्रभुत्वं च नाभिषिक्तं नरैरिव ।।१०।।
राजवीरनृगेन्द्रश्च यावत् स्थास्यति भूतले ।
जनाश्चाक्षरधामे हि तावत् यास्यन्ति निश्चितम् ।।११।।
श्रीग्रहजलमात्रेण शफरी फुर्फुरायते ।
नृगेन्द्राब्धेः खलास्तद्वत् क्षुब्धता जातु जायते ?।।१२।।
ज्ञात्वैवं जन्मदिवसे त्रिपंचाशत्तमे वयम् ।
भावि-अस्मदाचार्यस्य कुशलं कामयामहे ।।
।। तनोतु हरिकृष्णोऽखिलमङ्गलं नः ।।

ફાગણ વદ – ૫ (તા. ૨૭–૩–૦૮) ૩૫મા જન્મોત્સવ પ્રસંગે...

## ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શ્રીચરણોમાં વારંવાર નમસ્કાર

પૂર્વે આ વસુંધરામાં ભગવાનના અનુરાગી સંતોએ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીને ગુરુભાવથી આશ્રય કરીને જ આશ્ચર્યજનક પૂજ્યપદ પ્રાપ્ત કરેલું છે. ॥૧॥

પૂર્વે જેવા પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ અને પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ ધર્મવાન હતા તેવા જ ધર્મવાન વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ અને પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ છે, એમાં કોઈ જ સંશય નથી. આ અણીશુદ્ધ વંશપરંપરાથી ચાલી આવતી ધર્મધુરાના વંશમાં તેજસ્વી-તારણહાર આપણા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાદુર્ભાવ થયો છે. આપણને થયેલ પ્રાપ્તિ ખરેખર એમજ છે : સિંહના દિકરા તો સિંહજ હોય ને...!!! ॥૨॥

જે માનવ દિવ્ય નેત્રથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને નિહાળે છે તેને સૂર્યની સમાન તેજસ્વી દેખાય છે. પરંતુ ઘુવડની માફક ભાગ્યહિન અંધજનને સૂર્યોદય દેખાય નહિ, તો તેથી સૂર્યનો શું દોષ ગણી શકાય...? ॥૩॥

ગુરુના ચરણારવિંદની પૂજા અને અર્ચનાથી જે ફળની પ્રાપ્તિ થાય છે તેના હજારમાં ભાગનું પુણ્યફળ સાત મહાસાગર પર્યંતના તીર્થોમાં સ્નાન અને પૂજા કરવાથી પણ એ ફળ મેળવવું દુર્લભ છે. ॥૪॥

પુરુષ પ્રયત્નથી મોક્ષરૂપી સીડીના પગથીયાં રૂપ ગુરુના ચરણારવિંદની સેવા કરવી જોઈએ. કારણ કે ગુરુનો આશ્રય એ તો સર્વ જનોને મુક્તિનો માર્ગદર્શક દેદિપ્યમાન સુશોભિત દિવો છે. ॥૫॥

દેવોને પણ દુર્લભ, મહાન પુરુષોએ પણ માહાત્મ્ય પૂર્વક નમન કરવા યોગ્ય ગુરુના ચરણારવિંદ છે. જ્યાં સુધી આકાશમાં સૂર્ય-ચંદ્ર રહે ત્યાં સુધી ગુરુની નિત્ય સેવા-ચાકરી કરી પ્રસન્ન કરવા જોઈએ. ॥૬॥

જે મનુષ્યને ગુરુમાં કોઈ જાતની ઊણપ કે મનુષ્યભાવ દેખાય છે તે જ સમયે તેની બુદ્ધિ, લજ્જા, લક્ષ્મી, કાંતિ અને કીર્તિનો ક્ષય થાય છે. ॥૭॥

માટે પુણ્ય ઈચ્છનારા જનોએ સર્વ પ્રકારે આદરપૂર્વક સહર્ષ-વિનયથી ગુરુના ચરણારવિંદ હંમેશા પૂજન કરવા યોગ્ય છે. ॥૮॥

હે ગુરુદેવ ! આપ એકાંતિક સંતો અને ભક્તોના દર્શનીય અર્ચનીય અને વન્દનીય પરમેશ્વર સ્વરૂપ છો, સર્વ જીવાત્માઓના કલ્યાણના કરનારા અને મંગલના કરનારા છો. ॥૯॥

વનના હરણો કેશરી સિંહનો રાજ્ય અભિષેક કરતા નથી, એ તો પોતાના પરાક્રમથી મૃગેન્દ્ર-વનરાજ બની જાય છે. બસ...! તેમજ આ નૃગેન્દ્ર-વનરાજ કેશરી સિંહ પોતાની પ્રતિભાથી દક્ષિણ દેશના સમુદ્ધારક ભાવિ સમ્રાટ બની રહ્યા છે. ॥૧૦॥

જ્યાં સુધી નૃગેન્દ્ર વનરાજ કેશરી સિંહ હિન્દુસ્તાનની ધરા ઉપર વિચરી રહ્યા હશે ત્યાં સુધી અક્ષરધામ જવામાં કોણ રૂકાવટ કરનાર છે. અર્થાત્ કોઈ જ નથી. ॥૧૧॥

'શફરી' એક બહુ જ નાની માછલી હોય છે. તેને ખાબોચિયામાં પાણી હોય તેટલું જ પાણી જો મળી જાય અર્થાત્ ખોબા જેટલું પાણી મળી જાય તો તેટલામાંય કૂદાકૂદ કરવા લાગે. તેમ અલ્પ-ક્ષુલ્લક બુદ્ધિવાળા માણસને તુચ્છ સામાન્ય સત્તા સંપત્તિ પદવી પ્રાપ્ત થતાં 'શફરી' માછલીની જેમ કૂદાકૂદ કરવા લાગે છે. પરંતુ આ શુભગુણો રૂપી મહારત્નોની ખાણ - મહાસાગર ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીને આ લોકની મબલખ સત્તા સંપત્તિ સમૃદ્ધિથી ક્ષોભ થાય તેમ છે ખરો....? અરે ઓ બુદ્ધિવંત - મહાપુરુષો ! મહારત્નોની ખાણ નૃગેન્દ્ર-મહાસમંદરના તળીયા તપાસી જુઓ...!! તમને કુબેર કંગાળ લાગશે...!!! ॥૧૨॥

આ પ્રમાણે જાણીને અમારા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૩૫મા જન્મદિને ઈષ્ટદેવ ભગવાન શ્રી હરિકૃષ્ણ મહારાજના શ્રીચરણોમાં 'આપશ્રીને અમારા અનેક જીવાત્માઓના સર્વપ્રકારે શ્રેયાર્થે સર્વદા ક્ષેમકુશળ રાખે' એવી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના સહ આપ શ્રીના પૂજનીય વંદનીય શ્રીચરણોમાં શતશઃ સાષ્ટાંગ પ્રણામ...

શ્રીહરિકૃષ્ણ મહારાજ ! 'આપના અપર (અદ્વિતીય)સ્વરૂપથી અમારું સર્વનું સર્વપ્રકારે મંગળ કરો' એવી પુનઃ પુનઃ પ્રાર્થના...

પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણની ૨૨૭મી જન્મ જયંતિએ અવલોકન કરીએ

# શ્રી સ્વામિનારાયણ ધર્મ અને વિશ્વધર્મ

## તથા ભગવાન શ્રી સ્વામિનારાયણની વ્યક્તિ વિશેષતાઓ

- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ રાજુ ભગત - સરધાર



### ૧. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એટલે : હિન્દુધર્મનું આદર્શ સ્વરૂપ...

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એ શુદ્ધ વૈષ્ણવ સંપ્રદાયનું સ્વરૂપ છે. વિવિધ સંપ્રદાયો સાથે તુલનાત્મક અભ્યાસ કરતાં પહેલાં, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને હિંદુધર્મના સ્વરૂપ રૂપે જોઈએ.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એટલે સનાતન વૈદિક સંપ્રદાય. તે ચાર વેદો, ઉપનિષદો, સ્મૃતિ, પુરાણો, આગમો અને ઈતિહાસને માન્ય ગણે છે. દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ, મનુષ્યયજ્ઞ અને બ્રહ્મયજ્ઞ - એ પાંચ મહાયજ્ઞો અને સોળ સંસ્કારો તેને માન્ય છે. ચાર વર્ણો અને આશ્રમો સ્વીકાર્યા છે. સ્મૃતિઓમાં કહેલ સદાચાર તેમજ ધર્મ, અર્થ, કામઅને મોક્ષ - એ ચારેય પુરુષાર્થની સિદ્ધિ શ્રીજીમહારાજે પોતે રચેલ 'શિક્ષાપત્રી'માં સમાવી લીધી છે. કર્મ અને પુનર્જન્મનો હિંદુ સિદ્ધાંત તેઓએ સ્વીકાર્યા છે. અવતારવાદ અને ચોવીસ અવતારો તેઓશ્રીને માન્ય છે. વેદકથિત પંચાયતન કહેતા વિષ્ણુ, શિવ, પાર્વતી, ગણપતિ અને સૂર્યને માન્ય દેવો ગણ્યા છે. વેદવિહિત અહિંસામય યજ્ઞો તેઓએ કર્યા છે અને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગમાં ગુરુની આવશ્યકતા શ્રીજીમહારાજ સ્વીકારે છે. વિવિધ હિંદુ સંપ્રદાયોની જેમતેઓશ્રીએ પણ પરમેશ્વર, જગત, જીવ, બંધ અને મોક્ષની મીમાંસા કરી, મૌલિક અને સ્વતંત્ર દર્શન રચ્યું છે. આમ, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એ સનાતન હિંદુધર્મનું જ આદર્શ સ્વરૂપ છે.

### ૨. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એટલે : દરેક આચાર્યોના મતનો સમન્વય કરતો સંપ્રદાય...

ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમના ધર્મદર્શનમાં 'સારું તે મારું'નો સિદ્ધાંત રાખી પૂર્વાચાર્યોમાંથી શુભ તત્ત્વો લઈ સુંદર સમન્વયાત્મક ધર્મદર્શન આપ્યું છે. તેઓશ્રીએ શ્રી રામાનુજાચાર્યે પ્રવર્તાવેલ વિશિષ્ટાદ્વૈતવાદને ઈષ્ટ ગણ્યો છે. તેમાંથી મુખ્યત્વે પરમાત્માનું પરપણું, સદા-સગુણ-સાકારપણું, શરીર-શરીરીનો સદાનો અપૃથક્સિદ્ધ સંબંધ જેવા કેટલાક સિદ્ધાંતો સ્વીકાર્યા છે. શંકરાચાર્ય પ્રણીત વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુત્વ - એ સાધનચતુષ્ટયને પોતાના 'વેદરસ' ગ્રંથમાં સ્થાન આપ્યું છે. મોક્ષ માટે બ્રહ્મજ્ઞાનની આવશ્યકતા તથા જીવનમુક્તિ અને વિદેહમુક્તિના વિચારને અપનાવ્યો છે. શંકરાચાર્યે સ્થાપી છે તેવી વ્યવસ્થિત ગુરુપરંપરા (વચ. વડતાલ પ્રકરણ - ૧૮) કેટલાક ફેરફાર સાથે પોતાના સંપ્રદાયમાં સ્થાપી છે. વિવિધ વૈષ્ણાચાર્યો અને કેટલાક શૈવસંપ્રદાયોની જેમ ભક્તિને જ મોક્ષપ્રાપ્તિના સાધન તરીકે ગણ્યું છે અને તે મોક્ષ પણ પરમેશ્વરની કૃપા-અનુગ્રહથી જ થાયછે, તેમ સ્વીકાર્યું છે.

શ્રી રામાનુજ અને શ્રી રામાનંદે ઉપદેશેલ વિવેક, વિમોક, અભ્યાસ, ક્રિયા, કલ્યાણ વગેરે સાધન સપ્તક તથા શરણાગત ભક્તે કેળવવાની પાંચ પ્રકારની રુચિ (જેવી કે ભગવાનને ગમતાનો વિચાર, ન ગમતી વસ્તુનો ત્યાગ, રક્ષક ભગવાન જ છે તેવો દૃઢ વિશ્વાસ - આશરો, આત્મસમર્પણ અને કાર્પણ્ય કહેતા ગર્વત્યાગ કરી નિર્માની થઈ પ્રભુને આધીન રહેવું.) વગેરે 'વચનામૃત'માં એક યા બીજી રીતે શ્રીજીમહારાજે સમાવી લીધા છે. શ્રી રામાનુજે કહી છે એવી પરમેશ્વરમાં તૈલધારા વૃત્તિ રાખવાની વાત શ્રીજીમહારાજે સ્વીકારી છે.

રામાનુજ, રામાનંદ, મધ્વ અને શૈવ સંપ્રદાયોમાં કહ્યો એવો દાસ્યભક્તિનો આદર્શ અને નિમ્બાર્કે પ્રચલિત કરેલી પ્રેમલક્ષણા ભક્તિ શ્રીજીમહારાજે સ્વીકારી છે.

નિમ્બાર્ક અને વલ્લભે આપેલું ગાયનવિદ્યાનું અને સંગીતનું સ્થાન પરમાત્માને રાજી કરવાના સાધનરૂપે સ્વીકાર્યું છે.

શ્રીજીમહારાજે પ્રપત્તિ (શરણાગતિ)નું સ્થાન મધ્વાચાર્યે આપેલ શરણાગતિના સ્થાન જેવું જ સ્વીકાર્યું છે. ભગવાન રાજી કરવા ઈચ્છનારે શરણે જવું પડે છે, પરંતુ શરણે ગયા પછી પણ ભગવાનની પ્રસન્નતા માટેનાં બધાં જ સાધન કરવા પડે છે. જ્યારે તેમના કહેલ નિયમ-ધર્મ પાળીએ છીએ ત્યારે જ પરમેશ્વરની કૃપા જીવ ઉપર ઊતરે છે. આવો મધ્વાચાર્યને મળતો સિદ્ધાંત શ્રીજીમહારાજે સ્વીકાર્યો છે.

વલ્લભ સંપ્રદાયે વર્ણવેલી આત્મનિવેદી પૂજા-સેવા-રીતિ અને માનસીપૂજાવિધિ શ્રીજીમહારાજે સ્વીકારી છે. શ્રી વલ્લભાચાર્યના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલ વ્રતો અને ઉત્સવોનો નિર્ણય તથા હિંડોળા, ફૂલદોલ ઈત્યાદિ ઉત્સવોની રીતિ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વીકારી છે. શ્રી ચૈતન્યએ પ્રચલિત કરેલી હરિકીર્તન ભક્તિ ભગવાન શ્રીહરિએ પણ ઉપદેશી છે.

સર્વ વૈષ્ણવો, શૈવ, સ્માર્ત અને શક્તિ સંપ્રદાયોએ આપેલું ગુરુનું સ્થાન અને ગુરુમહિમા તેમણે સ્વીકારીને પોતાની આગવી રીતે ગુરુના વર્તનની શુદ્ધિ પર ભાર મૂકીને પ્રવર્તાવ્યો છે. વૈષ્ણવ સંપ્રદાયોની જેમ કપાળમાં તિલક તથા અંગો પર (પૂજા વખતે કરવાનાં) તિલકચિહ્નો અને ગળામાં તુલસીમાળા ધારણ કરવાની પ્રથા ભગવાન શ્રીહરિએ સ્વીકારી છે.

જેમ શૈવ સંપ્રદાયોએ ત્રિકાળ સંધ્યા પર ભાર મૂક્યો છે, તેવી રીતે શ્રીજીમહારાજે પાંચ ટાણાંની માનસીપૂજા પર ભાર મૂક્યો છે.

વૈષ્ણવ સંપ્રદાયોની જેમસમયે સમયે આરતી અને ઠાકોરજીના દર્શન તથા ઠાકોરજીને વસ્ત્રાભૂષણો, અલંકારો, નૈવેદ્ય વગેરે ધરાવવાનો વિધિ સેવા-ભક્તિનું જ સ્વરૂપ ગણી અપનાવ્યો છે. શ્રી રામાનુજ, શ્રી રામાનંદ અને શ્રી મધ્વએ ઉપદેશેલ દૃઢ શ્રદ્ધા તથા શ્રી વલ્લભ અને ચૈતન્યએ ઉપદેશેલ આશરો અને નિષ્ઠાનું તત્ત્વ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વીકાર્યું છે.

આમ, શ્રી સ્વામિનારાયણીય ધર્મદર્શનમાં સર્વે સંપ્રદાયોના શુભ તત્ત્વોનો સુંદર સમન્વય દૃષ્ટિગોચર થાય છે.

### 3. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એટલે : સમસ્ત પરધર્મ - દરેક પરમતનો સમન્વય કરતો સંપ્રદાય...

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતે પરબ્રહ્મ નારાયણ હોવા છતાં અને લાખો ભક્તો એ પ્રકારે તેમની ઉપાસના કરતા હોવા છતાં તેઓશ્રીમાં પરમત સહિષ્ણુતા અને પરધર્મ સહિષ્ણુતા અપાર હતી. શ્રીજીમહારાજના વચનામૃતો અને શિક્ષાપત્રીમાં ક્યાંય કોઈનું ખંડન તેમણે કર્યું નથી. તેઓનું કેવળ મંડનાત્મક જ વલણ રહ્યું છે. જ્યારે અન્ય આચાર્યોએ પૂર્વાચાર્યોનું ખંડન કર્યું છે અને તેવા ખંડનાત્મક શાસ્ત્રાર્થો કર્યા, ને તેવાં શાસ્ત્રો પણ રચ્યાં છે. આ વસ્તુ એ બતાવી આપી છે કે અન્ય આચાર્યોનો મુખ્ય હેતુ પોતપોતાનો વાદ (જ્ઞાનાંશ-મત) પ્રવર્તાવવાનો રહ્યો હતો. જ્યારે શ્રીજીમહારાજ તો જીવનદર્શન દેવા,

**"...ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતે પરબ્રહ્મ નારાયણ હોવા છતાં અને લાખો ભક્તો એ પ્રકારે તેમની ઉપાસના કરતા હોવા છતાં તેઓશ્રીમાં પરમત સહિષ્ણુતા અને પરધર્મ સહિષ્ણુતા અપાર હતી. શ્રીજીમહારાજના વચનામૃતો અને શિક્ષાપત્રીમાં ક્યાંય કોઈનું ખંડન તેમણે કર્યું નથી. તેઓનું કેવળ મંડનાત્મક જ વલણ રહ્યું છે..."**

આધ્યાત્મિક માર્ગ માટે વ્યવહારુ માર્ગદર્શન દેવા અવતર્યા હતા, તેમ તુલનાત્મક અભ્યાસ પરથી સ્પષ્ટ જણાય છે.

શ્રીજીમહારાજની પરધર્મસહિષ્ણુતા તેઓશ્રીના ઉપદેશમાં સ્પષ્ટ તરી આવે છે. તેમણે નારાયણ અને શિવજીનું એકાત્મપણું કહી વૈષ્ણવો અને શૈવો વચ્ચેનો દ્વેષ ટાળ્યો. બ્રાહ્મણાદિક પોતાના આશ્રિત થયા હોય તો પણ પરંપરાથી રાખતા ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષ ધારણ કરી રાખવા કહ્યું છે. માર્ગને વિષે ચાલતાં શિવાલયાદિક દેવમંદિર આવે તો તે દેવનું આદરપૂર્વક દર્શન કરવું, એમ કહ્યું છે. કોઈ દેવની નિંદા તો ક્યારેય કરવી નહિ, એવી સ્પષ્ટ આજ્ઞા આશ્રિતજનોને આપી છે. દ્વારિકા આદિ તીર્થોની યાત્રા કરવા કહ્યું છે. જન્માષ્ટમી, શિવરાત્રિ આદિક ઉત્સવો ઊજવવા કહ્યું છે. પંચાયતન અર્થાત્ વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય - આ પાંચ દેવને માન્ય રાખ્યા છે. પોતાના મંદિરોમાં પોતાના હસ્તે જ રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ, સૂર્યનારાયણ, રેવતીરમણ, સિદ્ધેશ્વર મહાદેવ, ગણપતિ અને હનુમાનજીની મૂર્તિઓ પધરાવી છે.

### ૪. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એટલે : વહેમો અને ભ્રષ્ટાચાર નાબૂદી કરતો સંપ્રદાય...

એ કાળે ધર્મમાં ઘૂસી ગયેલાં છળ, કપટ, નીતિભ્રષ્ટતા, જડતા, મિથ્યાચાર આદિને નાબૂદ કરવા માટે પંચ વર્તમાનનો સર્વત્ર પ્રચાર કર્યો. હજારો લોકો પાસે પંચ વર્તમાન પળાવીને તેમને દોષરહિત કર્યા.

પોતાની દિવ્ય પ્રભાથી અને ઉપદેશ દેવાની અજબ કળાથી તેમણે લોકોને ભૂતપ્રેત ને મંત્રજંત્રના વહેમો તથા મલિન દેવદેવીઓની ઉપાસનામાંથી છોડાવ્યાં અને એક ભગવાનનો આશ્રય લીધા પછી કોઈથી ડરવું નહિ એવો ઉપદેશ કરી તેમને નિર્ભય કર્યા.

### ★ ભગવાન શ્રી સ્વામિનારાયણનું કાર્યવૈવિધ્ય :

ભગવાન શ્રી સ્વામિનારાયણે કર્યું છે તેવું સમાજ સુધારાનું કાર્ય ક્યાંય જોવા મળતું નથી. અન્ય આચાર્યો શાસ્ત્રાર્થ, ગ્રંથનિર્માણ, ભ્રમણ અને સંપ્રદાય સ્થાપનામાં રત રહ્યા જણાય છે. શ્રીજીમહારાજે તો અહિંસામય યજ્ઞો કર્યા અને ઉપદેશ્યા. નિરક્ષર સ્ત્રીઓને અક્ષરજ્ઞાન આપ્યું. બાળહત્યા અને સતીપ્રથા જેવા કુરિવાજો નિર્મૂળ કરી નાખ્યાં. ચોરી, લૂંટફાટ, ખૂન, મદ્યમાંસ ભક્ષણ, વ્યભિચાર, વ્યસનો આદિકનું ઉન્મૂલન કર્યું છે. લગ્ન અને હોળીમાં ગવાતાં બીભત્સ ગીતોની પ્રથા દૂર કરી છે. કોળી, મોચી, વણકર વગેરે દલિતવર્ગોનો ઉદ્ધાર કર્યો છે. તેમણે શૂદ્રો, યવનો, પરદેશીઓ અને પરધર્મીઓને સંપ્રદાયમાં સ્વીકાર્યા છે. ભક્તિમાર્ગના પ્રવર્તનની સાથે સાથે જ પૂર્તકર્મ પણ ખૂબ કર્યું છે. વાવ, કૂવા, તળાવ ખોદાવવાના તથા ધર્મશાળા, પાઠશાળા, ગૌશાળા વગેરે બંધાવવાનાં લોકોપકારક પૂર્તકર્મો કર્યા છે. બળદગાડી અને પગપાળા પ્રવાસના તે કાળમાં આનું કેટલું મહત્ત્વ હતું તે તો સમયના વિકાસને લક્ષમાં લઈએ તો જ ખ્યાલ આવે.

ટૂંકમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સમગ્ર સમાજજીવન પોતાના અને પોતાના પરમહંસોના વાણી અને વર્તનથી વિશુદ્ધ કર્યું છે. તેઓશ્રીના આ સમાજસુધારાના કાર્યની રેજીનાલ્ડ બિશપ હેબર, સર જહોન માલ્કમ, મોનિયર વિલિયમ્સ, હેન્રી જયોર્જ બર્જેસ, પ્રિન્સ હોપકીન્સ, એન.એ. થૂથી જેવા વિદેશી વિદ્વાનોએ નોંધ લીધી છે.

### ★ શુદ્ધ સંપ્રદાય :

દરેક સંપ્રદાયનું પતન સ્ત્રી અને દ્રવ્યરૂપી બે દૂષણો પેસવાથી થયું છે. આવી અશુદ્ધિ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ન પેસે તે હેતુથી શ્રીજીમહારાજે સ્ત્રી-પુરુષ મર્યાદા બાંધી છે. બાઈઓ-ભાઈઓને દર્શન માટે દરરોજ તેમજ ઉત્સવ-સમૈયામાં અલગ વ્યવસ્થા કરી છે. સ્ત્રીઓ જ સ્ત્રીઓને ઉપદેશ કરે અને પુરુષો પુરુષોને ઉપદેશ કરે તથા એકબીજાના પ્રસંગથી સહેજે દૂર રહેવાય, તેવી રીતે સંપ્રદાયનું અને મંદિરોનું નિર્માણ કર્યું છે. એટલું જ નહિ પણ સ્ત્રી-પુરુષોને એકબીજાનાં પ્રસંગથી દૂર રહેવાની આજ્ઞા કરી છે. ત્યાગી સાધુઓને સંપૂર્ણપણે દ્રવ્ય અને સ્ત્રીનો ત્યાગ કરાવ્યો છે. અગિયાર વસ્ત્ર અને પૂજા તથા ધર્મગ્રંથ સિવાય કાંઈ પણ રાખવું નહિ તેવું ત્યાગી સાધુઓને ફરમાન છે. અષ્ટપ્રકારે સ્ત્રી પ્રસંગનો ત્યાગ તેવું અસિધારા તુલ્ય બ્રહ્મચર્ય સ્વામિનારાયણીય સંતો પાળે છે.

### ૫. શ્રી સ્વામિનારાયણ ધર્મની વ્યક્તિ વિશિષ્ટતાઓ :

(૧) આ ધર્મના આશ્રિત વર્ગમાં અનેક વર્ણ, વર્ગ અને ધર્મના લોકોનો સમાવેશ થયો છે. કોઈ પણ વ્યક્તિ નાતજાતના કે અન્ય કોઈ પ્રકારના ભેદભાવ વગર આ ધર્મમાં પ્રવેશી શકે છે. એ બધાં જ મનુષ્યોને સમદૃષ્ટિથી અપનાવવામાં આવે છે.

(૨) આ ધર્મમાં પ્રવેશ કરનારે 'દારુ, માંસ, ચોરી, અવેરીનો ત્યાગ અને વટલવું નહિ ને વટલાવવું નહિ' એ પંચ વર્તમાન આંતર-બાહ્ય શુદ્ધિ અર્થે સ્વીકારવાં અનિવાર્ય છે.

(૩) ભગવાન શ્રી સ્વામિનારાયણે ધાર્મિક ઈમારતનો પાયો સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અને સાકાર પરબ્રહ્મની ઉપાસનાના ચાર સિદ્ધાંતો પર રચેલો છે.

(૪) શ્રીજીમહારાજે પરમાત્માના સ્વરૂપનો યથાર્થ નિર્ણય સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્ર એ ચારેય શાસ્ત્રનો સમન્વય કરીને કર્યો છે.

(૫) આ ધર્મમાં પ્રચલિત વાદો પૈકી, દ્વૈતવાદમાંથી જ્ઞાન ને મહિમાયુક્ત ભક્તિ; અદ્વૈતવાદમાંથી સાધનચતુષ્ટય અને જીવનમુક્તિ; શુદ્ધાદ્વૈતમાંથી સેવારીતિ અને વિશિષ્ટાદ્વૈતમાંથી શરીર-શરીરી સંબંધ સિદ્ધાંત અને શરણાગતિ એમના યોગ્ય સ્વરૂપમાં ગ્રહણ કરાયાં છે.

(૬) પ્રાચીનકાળથી આપણે ત્યાં જે સર્વ ધાર્મિક અને નૈતિક સર્વોચ્ચ પરંપરાઓ ઊતરી આવી છે તે સર્વ આ ધર્મમાં એના શુદ્ધતમસ્વરૂપમાં જણાય છે. એટલું જ નહિ પરંતુ જગતના તમામધર્મોના ઉત્તમતત્ત્વોનો પણ તેમાં સમાવેશ કરાયો છે.

(૭) આ ધર્મ કેવળ આધ્યાત્મિક બાબતો પૂરતો મર્યાદિત નથી, પરંતુ ભૌતિક જીવનને સુદ્ધાં સાંકળી લેતો શુદ્ધ વ્યવહારધર્મ પણ તેમાં સમાવિષ્ટ છે. વળી એ કેવળ સુખી, શિક્ષિત અને ઉચ્ચવર્ણ પૂરતો મર્યાદિત નથી, પણ નીચેના છેલ્લા છેવાડા સુધીના બહુજનસમાજને સ્પર્શતો વ્યાપક ધર્મ છે.

(૮) આ ધર્મ ત્યાગ, જ્ઞાન અને તપશ્ચર્યાથી દીપી ઊઠે છે, તેમના સાધુઓ અને હરિભક્તો સદાચારશુદ્ધિની એક આગવી ભાત પાડે છે. એમાં વિશુદ્ધ વાતાવરણ, બ્રહ્મચર્યનું નિર્વિકારીપણું, સેવા, સદાવ્રત ને સંયમના આદર્શો તથા જ્ઞાન, વૈરાગ્ય અને પ્રેમભક્તિની શીતળતા અનુભવાય છે. તેમાં જે કાંઈ વિધિવિધાન, આચાર ને તત્ત્વબોધ રહેલા છે તે સંપૂર્ણ સત્ય અને મુક્તિ આપનારા છે.

(૯) આ ધર્મનો ફેલાવો દેશભરમાં તેમજ વિદેશમાં ઘણો જ વધ્યો છે ને વધતો રહે છે, જે એની સર્વદેશીયતા દર્શાવે છે.

(૧૦) આ એવો માર્ગ છે જે હજારો વર્ષ બાદ પણ તત્કાલીન દેશકાળને અનુકૂળ રહેશે.


આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વગ્રાહી, સર્વોચ્ચ અને કલ્યાણકારી વિશ્વધર્મનું સ્થાપન કરવામાં અપ્રતિમ વ્યવહારબુદ્ધિ અને સમન્વયાત્મક દૃષ્ટિ દાખવી છે. આ જ ભગવાન શ્રી સ્વામિનારાયણની ખરી મહાનતા છે.

## ૬. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રવર્તક ભગવાન શ્રી સ્વામિનારાયણમાં જોવા મળતાં પારમૈશ્વર્ય-કલ્યાણકારી ગુણોનું ટૂંકમાં વર્ણન :

[ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભગીરથ અવતારી કાર્ય તેઓમાં રહેલ જે ગુણોને આભારી હતું, તે સૌને પોતાનું જીવન ઉન્નત બનાવવા માટે ઉપયોગી થાય એ હેતુથી અત્રે એ ગુણોની યાદી કરી છે.]


જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૌચ, સત્ય બોલવું, ક્ષમા, દયા, સરળતા, ત્યાગ, સંતોષ, મનની નિશ્ચલતા, સમતા, તિતિક્ષા, (સહનશીલતા), તપ, સૌંદર્ય, કોમળતા, ક્રિયા, નિપુણતા, કરુણા, ધૈર્ય, સ્થિરતા, ગંભીરતા, સદાચાર, નિર્માનિતા, મન-કર્મ-વચનથી અહિંસાપાલન, અસ્તેય, ષટ્ઊર્મિઓ રહિતતા (ભૂખ-તરસ, શોક-મોહ, જરા-મૃત્યુ પર વિજય), કાર્યને વિલંબ રહિત તત્કાળ કરવાપણું, પરહિત કરવાનો સ્વભાવ, અપરિગ્રહ, રમણીય ભોગોમાં અરુચિ, કુસંગનો પરિત્યાગ, સાધુતા, સેવા વગેરે ગુણો ભગવાન શ્રીહરિમાં સહેજે જોવા મળતા હતા. એનાં અનેક ઉદાહરણો છે, જે પેકી











કેટલાંક જોઈએ :

(૧) ગામ સારંગપુરમાં એક વખત ત્રણ દિવસ સુધી વરસાદની હેલી થઈ. ગામમાં ઘણાં ઘર પડી ગયાં. એમાં લખાભક્તનું ઘર પણ પડ્યું. એનાં દશવીશ ઢોર દબાયાં. ભગવાન શ્રીહરિએ આ જોયું કે તરત જ પોતે જાતે દોડી જઈ આખી રાત્રિ ખંભે મોભ ઊંચો ઝાલી રાખ્યો અને પશુઓને બચાવ્યા. તદુપરાંત ગામમાં કેટલાક ગરીબજનોને ઘર પુનઃ ઊભાં કરવા સહાય કરાવી. આમશ્રીજીમહારાજ દુઃખી અને દરિદ્રોની સેવા માટે વગર આમંત્રણે દોડી જતા.

(૨) ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીવેષે વેંકટાદ્રિથી રામેશ્વર તરફ જતા હતા. રસ્તામાં 'સેવકરામ' નામનો એક સાધુ જે અતિસાર (ઝાડા)ના દર્દથી પીડાતો હતો, તે તેમને મળ્યો. દુર્ગંધ અને મેલથી સાધુનું શરીર અડકાય નહિ તેવું થઈ ગયું હતું. પીડાથી તે બૂમાબૂમ કરતો હતો. ભગવાન શ્રીહરિએ આ જોયું. તેમનાથી એ દેખી ન શકાયું. તેઓ સેવકરામની સેવા કરવા રોકાયા. તેઓ સેવકરામને નવરાવતા, તેના કપડાં સાફ કરતા અને ખાવાનું બનાવી ને ખવડાવતા. પોતે વસ્તીમાં જઈને જમી આવતા. કોઈક દિવસ એમને વસ્તીમાં અન્ન મળતું નહિ, ત્યારે તેઓને ઉપવાસ કરવો પડતો. આવું જાણવા છતાં કોઈ દિવસ સેવકરામે તેમને એમ કહ્યું નહિ કે 'અમ પાસે દ્રવ્ય છે, તે આપણ બંને કાજે રસોઈ કરો ને તમે પણ અમ ભેળા જમો.' શ્રીજીમહારાજે નિઃસ્વાર્થપણે સેવાચાકરી કરીને સેવકરામને સાજો કર્યો. કેવી નિઃસ્વાર્થ સેવાવૃત્તિ !

(૩) લોજપુરમાં શ્રીજીમહારાજ સદાવ્રત ચલાવતા. તે સદાવ્રતમાં જે કોઈ ભિક્ષુજનો આવતા તેને જમાડવા સારું પોતે તંગિયો (કેડથી આરંભીને જાંઘ ઢંકાય તેવું ટૂંકુ વસ્ત્ર) પહેરીને ખભે કાવડ મૂકીને ભિક્ષા માગવાં જતાં. અને સવાર-સાંજ રોટલા કરીને તે સર્વને જમાડતા. પછી પોતાના સર્વે સાધુઓને જમાડીને છેલ્લે પોતે જમતા.

(૪) મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીના ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ પોતાની અંતિમ ઘડીએ ભગવાન શ્રીહરિને કેટલાક વરદાન-વચનો માગવાં આગ્રહ કર્યો, ત્યારે મહારાજે બે વરદાનો આ પ્રમાણે માગ્યાં :

૧. 'જો તમારા આશ્રિતને એક વીંછીની વેદના થવાની હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીની વેદના થાઓ, પરંતુ સત્સંગીને તે થાઓ નહિ.'

૨. 'જો મારા આશ્રિતના પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને મળો પણ સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય.'

પહેલા વરદાનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની ભક્તવત્સલતા તથા કરુણાના દર્શન થાય છે. બીજા વરદાનમાં તો તેમણે ભક્તનું પ્રારબ્ધ પોતાના પર લઈ લીધું છે. આજ દિન સુધી ભગવાનના કોઈ અવતારે પોતાના ભક્તોનાં દુઃખ ને પ્રારબ્ધ પોતે ભોગવી લેશે એવું વચન કહ્યું નથી. આજે પણ એ વચન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુ-હરિભક્તો શ્રીજીમહારાજની આજ્ઞાનું પાલન કરી સુખ-શાંતિથી જીવન પસાર કરે છે. આ ઐતહાસિક હકીકત જેવી તેવી સામાન્ય વાત નથી !!!

(૫) સિદ્ધપુરના એક બ્રાહ્મણે ભગવાન શ્રીહરિ પાસે આવીને એમ કહ્યું : ''હે મહારાજ ! મારે છોકરાને જનોઈ દેવી છે અને ઘરમાં કાંઈ નથી. માટે મને કાંઈ આપો.'' ત્યારે ઘોડા ઉપરથી શ્રીજીમહારાજ નીચે ઊતરીને તે બ્રાહ્મણને કહ્યું : ''તું આ ઘોડા લઈ જા, તે વેચીને તેના રૂપિયામાંથી તું જનોઈ દેજે.'' મેથાણના પૂંજાજીએ બ્રાહ્મણને રૂપિયા આપી ઘોડો પાછો લીધો. આમ, દયાળુ સ્વભાવના ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક દુઃખિયા લોકોની સહાય કરી, તેમનું દુઃખ ટાળ્યું છે.

(૬) એક વખત શ્રીજીમહારાજ રાત્રે એકલા લીંમલી ગામના સગરામ વાઘરીના ઝૂંપડામાં પધાર્યા. સગરામ અને તેની સ્ત્રી વિસ્મય પામી ગયા કે અત્યારે મહારાજ ક્યાંથી ? ભગવાન શ્રીહરિ સગરામની ફાટેલી ગોદડીવાળા ખાટલા ઉપર બેઠા અને આખી રાત તેના કુટુંબને બોધ કરીને તેમને રાજી કર્યા, આમ, પછાત કોમના મનુષ્યો પ્રત્યે પણ શ્રીજીમહારાજને ખૂબ પ્રેમ અને લાગણી હતા.

(૭) જેતલપુરમાં યજ્ઞ કર્યો એ વખતે ભગવાન શ્રીહરિએ ઘરદીઠ દોઢ મણ ઘઉં દળવાને આપ્યા. એક વેશ્યાએ પણ માગણી કરી. તેને શ્રીજીમહારાજે કહ્યું : ''જો તું તારા ભૂતકાળની ભૂલો નિવારીને પશ્ચાત્તાપ કરવા તૈયાર હોય અને તું જાતે ઘઉં દળી લાવે, તો તારું કલ્યાણ કરીએ.'' તે બાઈએ ભગવાન શ્રીહરિનું વચન માથે ચડાવ્યું અને તે જાતે ઘઉં દળી લાવી. ત્યારબાદ પોતાનો ધંધો છોડી સન્માર્ગે વળી ભક્ત બની ગઈ. શ્રીજીમહારાજમાં બીજાના અપરાધોને માફ કરી કલ્યાણ કરવાની અપાર ઉદારતા હતી.

(૮) એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ફરતા ફરતા લાંઘણજ ગામમાં આવ્યા. આ ગામમાં સોનબાઈ ભાવસાર અને નાગર બ્રાહ્મણ ગંગામા નામની બે સત્સંગી બાઈઓ રહેતી

હતી. સોનબાઈ ગરીબ હતા અને ગંગામા પૈસેટકે સુખી હતાં. ગંગામાએ સોનબાઈને કહ્યું : ‘‘તું સાધુઓ માટે રસોઈ કરજે અને હું મહારાજ માટે ઊંચામાં ઊંચી કમોદ રાંધી રસોઈ કરીશ.’’ સોનબાઈને પોતાની ગરીબાઈને લીધે શ્રીજીમહારાજને જમાડવાનું પોતાનું ભાગ્ય સરી જતું હોય એમ લાગ્યું. પરંતુ ભગવાનને ગરીબ-તવંગરનો તફાવત હોતો નથી. ભગવાન શ્રીહરિ સીધા પેલી ગરીબ સોનબાઈને ઘેર ગયા અને તેણે સાધુ માટે બનાવેલી રસોઈ જમ્યા. પછી ગંગામા થાળ લઈને જ્યારે આવ્યા ત્યારે પોતાને માટે તૈયાર કરેલી રસોઈ સોનબાઈને જમાડવાની તેમણે આજ્ઞા કરી.

(૯) સં. ૧૮૬૯માં બહુ જ ભયંકર ‘ઓગણોતેરો’ કાળ પડ્યો ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે લોકોને અન્ન-વસ્ત્રની સહાય કરવા પોતાના ત્યાગી-ગૃહી તમામ આશ્રિતોને જુદાં જુદાં દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં મોકલ્યા. અને તેઓને આદેશ આપ્યો કે ભૂખ્યાંને અન્નદાન દેવામાં સત્સંગી - બિનસત્સંગીનો ભેદ કરશો નહિ. પોતે જાતે પણ ઠેર ઠેર ફર્યા અને અનેકને પોતાના ઐશ્વર્યથી સહાય કરીને ઉગાર્યા. જીવસેવા ને માનવસેવા એ પ્રભુસેવાનો એક પ્રકાર છે, એમ પોતે આચરી બતાવ્યું.

## ૭. ભગવાન શ્રી સ્વામિનારાયણની વ્યક્તિ વિશેષતાઓ...

(૧) આજ દિવસ સુધીમાં થઈ ગયેલ બધા મહાપુરુષોના જીવન અને વ્યક્તિત્વ કરતાં ચઢિયાતું, ગતિશીલ અને ચારિત્ર્યસંપન્ન દિવ્ય જીવન અને નિરાળું (અલૌકિક) વ્યક્તિત્વ ભગવાન શ્રી સ્વામિનારાયણનું જોવા મળે છે. તેઓ એકાંતિક ધર્મના પ્રચારાર્થે સતત પગપાળા કે માણકી ઘોડી પર ૨૮ વર્ષ સુધી ફરતા રહ્યા. એ દરમિયાન એમણે હજારો ગામડાં અને શહેરોની મુલાકાત લીધી અને સંખ્યાબંધ મનુષ્યોને સદુપદેશ આપી પ્રભુપરાયણ બનાવી દીધા.

(૨) કોઈપણ મનુષ્ય ચાહે તે હિંદુ હો, પારસી હો, મુસલમાન હો, ખોજા હો, અંગ્રેજ હો, વેદ ન માનનાર હો, જૈન હો કે ગમે તે ધર્મના હો, તેના પર શ્રીજીમહારાજની પ્રત્યક્ષ કે આડકતરી રીતે દિવ્ય પ્રભાની અસર થયા વિના રહી નથી.

(૩) અનેક જનોના કલ્યાણ અને શિક્ષણને અર્થે તેઓ પોતે જ સાધક, સાધન અને સાધ્ય બન્યા. તેઓનું સમગ્ર જીવન જ જીવતુંજાગતું ધર્મશાસ્ત્ર અને અધ્યાત્મશાસ્ત્ર બની રહ્યું હતું.

(૪) ગહનમાં ગહન તત્ત્વદર્શનને તેઓ લોકભાષામાં મૂકી શકતા. સામાન્યમાં સામાન્ય માણસ સમજી શકે એવું વિવેચન ભગવાન શ્રી સ્વામિનારાયણ કરી શકતા. સીધી, સરળ, મિતાક્ષરી, તળપદી અને વાર્તાલાપની પ્રવચનશૈલી તેમને વરી હતી.

(૫) જનસમૂહની જે અશુદ્ધિઓ તેઓ કાઢવા માગતા હતા તેમાં તેઓ હંમેશા રચનાત્મક વલણ દાખવતા.

(૬) તેઓનો સિદ્ધાંત હતો કે બૂરાઈનો બદલો ભલાઈથી આપવો. પોતાનું બૂરું કરનાર ઉપર પણ એ દયા કરવા તત્પર રહેતા. એમના જીવનમાં કોઈપણ વ્યક્તિને એમણે શાપ દીધો હોય કે એમનું ભૂંડું ઈચ્છ્યું હોય એવું બન્યું નથી. તેમના અનુયાયીથી કદાચ કોઈ અપરાધ થઈ જાય તો જાતે જઈને તે બદલ ક્ષમાયાચના કરતા.

(૭) બાળકો પ્રત્યે તેઓને અપાર પ્રેમ અને અનુકંપા હતા. તેઓશ્રી પોતાના રોજિંદા કાર્યમાંથી ચોક્કસ સમય કાઢીને બાળકોને બોધ આપતા. બાળકનું દિલ દુઃખાય તો તે દુઃખી થતા. બાળક પાસે પણ બાળભાવે માફી માગવામાં તેઓ નાનપ અનુભવતા નહિ.

(૮) સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી પોતાના કીર્તનમાં દયાળું ભગવાન શ્રીહરિને ‘કરુણાદૃષ્ટિ’વાળા કહે છે :

**‘કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય; દયા આણી રે,**
**અતિ આકળા થાય.....૭**
**અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે; કરૂણા દ્રષ્ટિ રે,**
**દેખી વાનજ વાળે.....૮’**

(સ્વાભાવિક ચેષ્ટા : પદ - ૬)

(૯) ભગવાન શ્રી સ્વામિનારાયણે એક પ્રસંગે પોતાનો પ્રગટ થવાનો હેતુ પ્રદર્શિત કરતાં કહ્યું : ‘‘હું વિસંવાદ જગાડવા નહિ પણ સંવાદ ઊભો કરવા આવ્યો છું.’’

(૧૦) ભગવાન શ્રી સ્વામિનારાયણમાં પોતાના પ્રભાવ દ્વારા સામેના વ્યક્તિને આકર્ષવાની યૌગિક શક્તિ હતી. તેમજ ઊંચા આધ્યાત્મિક જીવન દ્વારા લોકોને કાયમ પ્રેરણાબળ આપવાની અજબ શક્તિ હતી. એ જ એમની મોટાઈ ને પ્રભુતા હતી.

(૧૧) જેણે જેણે ભગવાન શ્રી સ્વામિનારાયણને જોયેલા તેમનો એક અનુભવ ચોક્કસ હતો કે :-

૧. એમની આંખોમાં અજબનું જાદુ હતું તેવું જ એમની વાણી અને ચાલમાં હતું.

૨. એમનાં નેત્રોમાંથી પ્રેમાળ અંતઃકરણનું અમૃત ઝરતું હોય એવું જણાતું.

૩. તેમના તેજસ્વી સ્વરૂપથી

આકર્ષાઈને સૌ નમી પડતાં. આજે પણ તેમની કાષ્ઠ-પાષાણની મૂર્તિઓમાં એમની ચિત્તાકર્ષકતા જણાઈ આવે છે. તેમની વરદ્ હસ્તમુદ્રાથી અભય પ્રાપ્ત થવાની લાગણી અનુભવાય છે.

(૧૨) ભગવાન શ્રી સ્વામિનારાયણના જમણા ચરણમાં નવ અને ડાબા ચરણમાં સાત એમ કુલ સોળ વિલક્ષણ ચિહ્નો હતાં.

## ૮. દેશ-વિદેશના સમર્થ તત્ત્વચિંતકો અને મહાપુરુષોની દૃષ્ટિએ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શ્રી સ્વામિનારાયણ ધર્મની વિશેષતાઓ....

"હિન્દુસ્તાનમાં ઘણા ધર્મો છે પણ સ્વામિનારાયણ ધર્મ પ્રશંસનીય, શુદ્ધ અને આકર્ષક છે. મને આ ધર્મ વિષે ઘણું માન છે."

**- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી**

"સ્વામી શ્રી સહજાનંદ અને શ્રી સ્વામિનારાયણ ધર્મના સાધુઓના પવિત્ર જીવનથી મહાગુજરાતમાં સહકારની સૌરભ પ્રસરી હતી. ઘણા સામાન્ય માણસોના તથા પછાત કોમના બિનકેળવાયેલાં માણસોના જીવન પશુકોટિમાંથી ઊંચે લાવીને તેમને સંસ્કારી બનાવવામાં આ ધર્મનો ફાળો મહત્ત્વનો છે."

**- લોખંડીપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ**

"સ્વામી શ્રી સહજાનંદના ઉપદેશથી ગુજરાત, કાઠિયાવાડની ઘણી ક્રૂર અને લડાયક જાતો કોમળ ને શાંત થઈ છે તથા પ્રભુ તરફ વળી છે. 'વચનામૃત' નામે તેમના ઉપદેશવચનોનો જે સંગ્રહ છે, તે ઘણો ગંભીર, મનન કરવા યોગ્ય તેમજ જ્ઞાન અને ઉપાસનાના નિરૂપણથી ભરપૂર ગ્રંથ છે."

**- આચાર્ય શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ**

"ગુજરાતના મહાન જ્યોતિર્ધરોમાં સ્વામી શ્રી સહજાનંદજીનું સ્થાન અગ્રસ્થાને રહ્યું છે."

**- શ્રી કનૈયાલાલ મુનશી (જાણીતા સાહિત્યકાર)**

"સ્વામી શ્રી સહજાનંદ મધ્યયુગીન હિંદુ ધર્મના છેલ્લા સુધારક હતા."

**- ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે**

"સ્વામિનારાયણે આપેલો અહિંસાનો સિદ્ધાંત જગતના સર્વ અહિંસાના સિદ્ધાંતોમાં મને શ્રેષ્ઠ લાગ્યો છે. તેમના એ અસાધારણ સિદ્ધાંતે મારા પર એટલો પ્રભાવ પાથર્યો છે કે મારી જાતનું તેમાં રૂપાંતર થઈ ગયું છે."

**- શ્રી ગુલઝારીલાલ નંદા (ભારતના માજી ગૃહપ્રધાન)**

"મહાગુજરાતમાં ત્રીસેક વર્ષના ધર્મચક્રપ્રવર્તનરૂપે સાર્થવંતુ ઠરતું સ્વામિનારાયણનું અવતારકાર્ય જગત-ઈતિહાસે વિરલ છે. ગુજરાત-ઈતિહાસે અદ્વિતીય અને વિપ્લવકારી છે."

**- શ્રી વિજયરાય વૈદ્ય (ગુજરાતી ભાષાના વિવેચક)**

"સ્વામી સહજાનંદે એક અણીને પ્રસંગે આવીને પ્રજાજીવનમાં અદ્‌ભૂત ક્રાંતિ પ્રકટાવી છે. ઠેઠ નીચલા થર સુધી તેમણે સત્ય અને સદાચારનાં અમૃત સિંચ્યાં છે. કોઈ વ્યક્તિવિશેષને હાથે જ એ બની શકે. સ્વામી સહજાનંદ એક મહાન સુધારક છે, ધર્મચક્રના પ્રવર્તક છે અને ઉજ્જવલ રાષ્ટ્રવિધાનના પયગંબર છે."

**- મનુ સૂબેદાર (પ્રમુખ, સસ્તુ સાહિત્ય કાર્યાલય)**

"સ્વામિનારાયણના ઉપદેશો પાણીના વહેતા પ્રવાહ જેવા સ્વચ્છ અને નિર્મળ તેમજ બધાને ઉપયોગી થાય તેવા છે. માણસ ગમે તે જ્ઞાતિ કે ધર્મનો હોય પણ તેને સત્યનું દર્શન કરાવવાને પ્રકાશની જરૂર હોય છે, અને જે આવો દિવ્ય પ્રકાશ આપે તે ભગવાન કે પયગંબર હોય."

**- શ્રી મહેંદીનવાઝ જંગ (ભૂતપૂર્વ ગવર્નરશ્રી - ગુજરાત)**

"જે સમયે કચ્છ, ગુજરાત અને કાઠિયાવાડમાં અંધકાર છાઈ રહ્યો હતો, તે વખતે શ્રી સહજાનંદ સ્વામીએ લગભગ ૩૦ વર્ષ સુધી સતત પરિશ્રમ લઈ લોકોને શુદ્ધ માર્ગે ચઢાવ્યા; પોતાના પ્રતાપથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડ્યો. ઊંચી, હલકી, હિન્દુ, અહિન્દુ સર્વ કોમોને પોતાનો સંદેશો પહોંચાડવા એમણે જે યોજક બુદ્ધિ ખર્ચી, જોખમો ખેડ્યાં અને સાધકો તૈયાર કર્યા તે બુદ્ધદેવની સ્મૃતિ કરાવે છે. પોતાના કાળના પ્રસિદ્ધ પુરુષોમાં સહજાનંદ સ્વામી સૌથી મહાન હતાં. તે કાળના મુમુક્ષુઓને પુરુષોત્તમ તરીકે ઉપાસના કરવા યોગ્ય હતા. જો અવતારો પૃથ્વી પર થતા હોય તો એમને અવતાર સંજ્ઞા બેશક અપાય."

**- શ્રી કિશોરલાલ મશરૂવાલા (સમર્થ ચિંતક)**

"શ્રીજીએ પ્રવર્તાવેલા ધર્મમાર્ગની લાક્ષણિકતા શી લેખાય ? એ ધર્મમાર્ગ છે આચારસ્વચ્છતાનો, વિધિસ્વચ્છતાનો, ઉપાસના સ્વચ્છતાનો, વ્યવહારસ્વચ્છતાનો અને સર્વદેશીય આંતર્બહિર્ સ્વચ્છતાનો. ભાંગ, ગાંજો, તમાકુ આદિ ત્યજાવી શ્રીજીએ ગૃહસ્થીના જીવન નિર્માદક કીધાં, રંગેલાં તૂંબડા ફોડાવી શ્રીજીએ સંતોને નિર્મોહી કીધાં, બાઈ-ભાઈના દર્શનદ્વાર નિરનિરાલાં સ્થપાવી શ્રીજીએ દેવમંદિરોને પવિત્ર કીધાં, પંચવર્તમાન ધરાવીને અનુયાયીઓને આચારશુદ્ધ કીધાં, શિક્ષાપત્રી આપી વ્યવહારશુદ્ધ કીધાં, વચનામૃતો સંભળાવી

જ્ઞાનશુદ્ધ કીધાં, પ્રેમભક્તિ વરસાવી અંતરશુદ્ધ કીધાં, પર્વોત્સવો-સમૈયા ઊજવી જનતામાં ઉત્સાહ ઊભરાવ્યો; ભવ્ય મંદિરો, અહિંસાત્મક યજ્ઞો, વિશુદ્ધ પૂજાવિધાન, પારણાં, હિંડોળા, વસંતપંચમી, જન્માષ્ટમીના વૈષ્ણવી મહોત્સવો, જલઝીલણી ને રામનવમીના સમારંભો કરી જનતાને જગાડી. પરિવ્રાજકની પેઠે ગામડેગામડે ઘૂમી જનતાને ઉમંગી કીધી, ભાવહિંડોળે હીંચકાવી પ્રજાને ઉત્સાહ પાયો, સંસારને સજીવન કીધો. સ્વામિનારાયણે શું કર્યું એ ઈતિહાસપ્રશ્નનો ઉત્તર એક જ સૂત્રમાં પૂછો તો એટલો જ છે કે શ્રીજીમહારાજે ગુજરાતને સરયૂ નીરથી ધોઈ બ્રહ્મભીનો કીધો. નવયુગના પ્રભાતના સ્વામિનારાયણ પ્રભાતસૂર્ય હતા.''

- મહાકવિ ન્હાનાલાલ

''સહજાનંદ સ્વામી કલ્યાણકારી કર્મવીર હતા. એમણે કોઈ સત્તાવાળા કે શ્રીમંતોની સહાય વિના પણ હજારો લોકોને ખોટે માર્ગેથી પાછા વાળીને સાચે માર્ગે દોર્યા. સહજાનંદજી, રાજાથી માંડીને રંક અને વિદ્વાનોથી માંડીને અભણલોક, સૌમાં એક સરખા પૂજાતા. એમની નમ્રતા વિરોધીઓના હૃદયનાં ઝેર પણ નિચોવી નાખતી.''

- મિ. હેન્રી જ્યોર્જ બર્જેસ

''આ ધર્મમાં જેઓ સાધુ બને છે તેમને આદેશ આપવામાં આવ્યો છે કે ગમે તેવું દમન કે ત્રાસ આપવામાં આવે તો બચાવ કર્યા વિના તે સહન કરવાં અને તે ત્રાસ આપનારાઓના વિષે મનમાં જરા પણ ડંખ ન રાખવો. ખરેખર આ ધર્મની એ લાક્ષણિકતા છે. તેમના ઉપદેશની અસરથી નીતિનું ધોરણ ઘણું જ ઊંચું આવ્યું છે.''

- મિ. બાઉલ્સ

''શાસ્ત્રોમાં જે કક્ષાની નીતિમત્તાનું વર્ણન કર્યું છે એને મુકાબલે સહજાનંદની નીતિમત્તા ઘણી ઊંચી કક્ષાની જણાય છે. તેઓ ઉચ્ચ પ્રકારની પવિત્રતા અને શુદ્ધિનો ઉપદેશ આપે છે. એમણે એમના શિષ્યોને રસ્તે જતી સ્ત્રીઓ પ્રત્યે દૃષ્ટિ પણ ન કરવાનો આદેશ આપ્યો છે. તેઓ એકેશ્વરનો ઉપદેશ આપે છે. જે ગામો અને પ્રદેશોએ સહજાનંદને સત્કાર્યા છે એ બધાં એક વખત સૌથી ખરાબ ને ભયાનક ગણાતાં. આજે એ સૌથી સારા અને સલામત વિસ્તારો ગણાય છે.''

- કલેક્ટર વિલિયમ્સ

''સ્વામિનારાયણમાં સ્વયંભૂ શક્તિ રહેલી હતી. પોતે અવતારી વ્યક્તિ હોવા છતાં કદી ભારેખમ બની વિચર્યા નથી. પોતાનું જીવન કઠોર સંન્યાસીના ધર્મ પ્રમાણે ગાળતા હોવા છતાં તેમનામાં પ્રસન્નતા, આનંદ અને રમૂજની છોળો ઊછળતી હતી. તેઓ ગાતાં, રમતાં, પોતે કુસ્તી અને ટીખળ પણ કરતા હતા. આવી અદ્ભૂત વ્યક્તિ તેમના દેહવિલય પછી પણ લુપ્ત થઈ નથી અને ઘણાંને અંતિમ ઘડી વખતે દર્શન દેતી રહી છે.''

- પ્રિન્સ હોપકિન્સ (પ્રોફેસર - લંડન યુનિવર્સિટી)

આ રીતે દેશ-વિદેશના ઊંડા અભ્યાસી ને આદરણીય મહાપુરુષોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું અને તેઓશ્રીએ સ્થાપેલા ધર્મનું જે ઐતિહાસિક મૂલ્ય આંક્યું છે તે પરથી ખ્યાલ આવે છે કે શ્રીજીમહારાજ ખરેખર અવતારી પુરુષ હતા.

**ઉપસંહાર :**

ટૂંકમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય જીવનદર્શન આપે છે. નૈતિક અને આધ્યાત્મિક રીતે જીવવાની કળા આપે છે. વ્યક્તિ અને સમાજના જીવનમાં વ્યાપીને રહે છે. સ્વામિનારાયણીય ધર્મવિચાર આપણને બાહ્યદૃષ્ટિમાંથી અંતરદૃષ્ટિ અને અંતર્દષ્ટિમાંથી ઊર્ધ્વદૃષ્ટિ તરફ લઈ જાય છે. આમ, શ્રીજીમહારાજનો સંપ્રદાય એ આચાર અને વિચારપ્રધાન સંપ્રદાય છે. તેમાં વાણી અને વર્તન, નીતિ અને અધ્યાત્મજ્ઞાનનો સુભગ સમન્વય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના અપરસ્વરૂપ સમા ધર્મકુળની ગુરુપરંપરા દ્વારા આત્મા અને પરમાત્માનાં સનાતન શાસ્ત્રોક્ત જ્ઞાનનું સારી રીતે પ્રદાન આપણા ધર્મમાં થાય છે. માટે આપણો ધર્મ સાચા અર્થમાં 'સંપ્રદાય' છે.

આપણને આ સંપ્રદાયમાં શિષ્યત્વ પ્રાપ્ત થયું તે જ આપણા જીવાત્માનું વિશેષ સદ્‌ભાગ્ય બતાવે છે. આપણે સૌ કોઈ અનેક જન્મથી કલ્યાણને અર્થે પ્રયત્ન કરતા મુક્તપ્રાય, મુક્ત કે યોગભ્રષ્ટ જીવાત્મા છીએ, આજે આ સંપ્રદાયને સમગ્ર વિશ્વે સ્વીકાર્યો છે, મહાપુરુષોએ આ સંપ્રદાયને નવાજ્યો છે. ખરેખર, જ્યારે આ મહાન સંપ્રદાયના અનુયાયી બન્યા છીએ - સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણના ખરા ઉપાસક બનવાનો જ્યારે આપણને અવસર સાંપડ્યો છે ત્યારે આ સંપ્રદાયને વિશ્વ ક્ષિતિજે નિર્મળતાનું બિરુદ અપાવી આ સંપ્રદાયની સેવા કરી કંઈક અંશે સંપ્રદાયના ઋણમાંથી મુક્ત બનીએ એ જ આજે આ સંપ્રદાયના સ્થાપક સર્વાવતારી, સર્વોપરિ, સર્વકારણના કારણ, **અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૨૭મા પ્રાગટ્યોત્સવે અભ્યર્થના સહ... જય શ્રી સ્વામિનારાયણ...**

‘હરિને વર્યા જે હેતથી, તેને વરવું રહ્યું નહિ ક્યાંય; એહ વિના વર્યો હજારને, તોય ‘નિત્ય’ રંડાયો સોય.’

# હે મહારાજ ! મારે આપની સાથે જ લગ્ન કરવા છે

- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



જેનો પ્રારંભ આકર્ષક... પરંતુ અંત ભયંકર... એનું નામ છે સંસાર...!!!

જેનો આરંભ કષ્ટદાયક... અને સમાપ્તિ આનંદદાયક... એનું નામ છે ત્યાગ...!!!

આ સ્પષ્ટ વાસ્તવિક્તા હોવા છતાં ભોગના પંથે કદમમાંડતા દરેક વ્યક્તિને એમજ લાગી રહ્યું છે કે ‘બીજા બધા ભલે આ માર્ગે ફાવ્યા નહિ હોય કે જામ્યા નહિ હોય, પરંતુ હું પોતે એવું સરસ મજાનું પ્લાનિંગ કરીશ કે આપણને તો આ માર્ગમાં હંમેશા આનંદનો જ અનુભવ થશે.’

પરંતુ દાંપત્યજીવનનું બધું જ સુખ લગ્ન આલ્બમમાં જ દેખાતું હોય છે. ફૂલોના ઢગલાઓથી શણગારેલું સ્ટેજ, શરીર પર લગાડાયેલ અત્તર, પરિધાન થયેલા કિંમતી વસ્ત્રો, મિત્રો તરફથી મળી રહેલ અભિનંદનોથી ખીલી ઉઠેલો ચહેરો, બસ...જાણે કે સ્વર્ગમાં જ પ્રવેશ થઈ રહ્યો છે !

આ બધું માત્ર દિવસો... અઠવાડિયાઓ... પખવાડિયાઓ કે મહિનાઓ પસાર થાય છે અને સમજાય જાય છે કે સ્વર્ગ માનતા હતા આપણે એ સાચે જ આપણી સાથે કોઈકે કરેલ છેતરપીંડી જ હતી.

હકીકત આ હોવા છતાં કહેવાય છે ને કે પરમાત્મા અનુભવનો કાંસકો તમને ત્યારે જ આપે છે કે જ્યારે તમારા માથામાં ટાલ પડી ગઈ હોય. પછી રાતેપાણીએ રોવા સિવાય હાથમાં કાંઈ જ બચતું નથી.

પાણી જોઈને મોઢે માંડ્યું... નીર સાગરના હતા ! તૃષા વધી ગઈ !

પાણી જોઈને હરણ દોડ્યું... નીર ઝાંઝવાના નીકળ્યા ! હરણ મૃત્યુ પામ્યું !

નીર જોઈને આગ પર છાંટ્યું... પેટ્રોલ નીકળ્યું ! આગનું દાવાનળમાં રૂપાંતર થઈ ગયું !

‘धन्यो गृहस्थाश्रम’

સ્વર્ગનું પરંપરાગત બોર્ડ વાંચીને સંસારમાં પ્રવેશ કર્યો... નરક નીકળ્યું !

આત્માની રેવડી - દાણાં દાણાં થઈ ગઈ...!

હે મહારાજ !!!

કાં તો બોર્ડ પર સાચી વિગત લખાય જાય અને કાં તો લખાયેલી ખોટી વિગતને સમજી શકે એવી સમજ આવી જાય.

હે પ્રભુ !

એક અંગત વાત કહું ?

કહે : ‘‘હું હવે લગ્ન કરવા તૈયાર છું.’’

‘‘તો કરી લે ! એમાં મને જણાવવાની શી જરૂર છે ?’’

‘‘પણ હું તો આપની સાથે લગ્ન કરવા તૈયાર છું ?’’

‘‘તું તૈયાર હોઈશ, પરંતુ એ માટે મારી કોઈ તૈયારી નથી.’’

"હે દયાળુ ! એક પ્રશ્નનો જવાબ આપશો ?"

"બોલ..."

"આપનો જો આજ નિર્ધાર હતો તો આપની સાથેના પ્રેમમાં મને આપે આટલો બધો આગળ શું કામ વધવા દીધો ? મને આપે પહેલેથી જ કહી દેવું હતું ને - કે સમજીને મને પ્રેમ કરજે, હું તારી સાથે લગ્ન તો નથી જ કરવાનો."

"ના... એવું નથી, હું તારી સાથે લગ્ન કરવા તૈયાર તો છું પરંતુ..."

"પણ શું ?"

"પણ તારો એવો દૃઢ નિર્ધાર છે ખરો કે હું આપના સિવાય બીજા કોઈનેય હવે પ્રેમ કરવા તૈયાર નથી ! જે પળે તારો દૃઢ નિર્ધાર થાય એજ ક્ષણે હું તારી સાથે લગ્ન કરવા તૈયાર થઈ જઈશ. તું મને જણાવજે."

હા..., ભક્તિના જગતની આ અનિવાર્ય શરત છે. એકજ હૃદયમાં પરમાત્મા અને પદાર્થ એ બંને તો સાથે ક્યારેય રહી શકતા નથી. મને પરમાત્મા પણ ગમે છે, અને પૈસા પણ એટલા જ ગમે છે ? અસંભવ ! લગ્ન...

મારા હૃદયમાં ઉપાસના માટેના ઘોડાપૂર પણ ઉમટે છે અને વાસના માટેના વંટોળીયા પણ એટલા જ ઉમટે છે ? અસંભવ ! લગ્ન...

ટૂંકમાં ભક્તિના જગતનું આ સ્પષ્ટ ગણિત છે કે પ્રીતિ અન્ય થકી જે તોડે તે પ્રીતિ પ્રભુ સાથે જોડે. હું સાચે જ જો પરમાત્મા સાથે લગ્ન કરી લેવા માગું છું તો મારે પ્રભુ સિવાયના અન્ય સહુ સાથે છૂટાછેટા લઈ લેવા જ રહ્યાં.

એ યુવતીના સમાચાર સાંભળ્યા ?

કેમ શું થયું ?

એણે ટપાલી સાથે લગ્ન કરી લીધા !

ટપાલી સાથે ? એમ હોય...

હા, વાત મગજમાં બેસતી નથી.

મેં પોતે જ્યારે આ સમાચાર સાંભળેલા ત્યારે મારા મગજમાં આ વાત બેસતી નહોતી. પરંતુ એ યુવતીએ ખુદ પોતાના મોઢે જ જ્યારે આ વાત કરી ત્યારે એ વાત સ્વીકારી લેવા સિવાય મારી પાસે બીજો કોઈ વિકલ્પ જ ન હતો.

શી વાત કરી એ યુવતીએ ?

એ જ કે, મારો જે પ્રેમી હતો એ અમેરિકાથી દર પંદર દિવસે મારા પર ટપાલ લખતો હતો અને એની એ ટપાલ મારા સુધી પેલો ટપાલી પહોંચાડતો હતો. પ્રેમી દૂર હતો અને ટપાલી બહુ નજીક હતો. બસ, ટપાલી સાથે મારી નજર મળી ગઈ અને મેં પ્રેમીને છોડીને (છૂટાછેડા લઈને) ટપાલી સાથે લગ્ન કરી લીધા...!

કમાલ કહેવાય...!!!

યુવતીની બેવફૂફી પર હસતા પહેલા આપણે આપણી ખુદની જાતને જોઈ લેવાની જરૂર છે. આપણે પણ જન્મોજન્મ આજ કર્યું છે ને ?

આપણે પ્રીત કરવાની હતી પરમાત્મા સાથે, આપણે પરણવાનું હતું પ્રભુ સાથે, આપણે પાગલ બનવાનું હતું ભગવાન પાછળ...

પરંતુ આપણે પરણી ગયા છીએ ટપાલીની માફક સાથે રહેલ આ સામગ્રીઓ સાથે..., આપણે પાગલ બની ગયા છીએ મળી ગયેલ ભોગો પાછળ..., આપણે પ્રીત કરવાના કેન્દ્રમાં ગોઠવી દીધા છે આ તમામ પ્રકારના ભૌતિક સુખોને !

ક્યાં શ્રીમંત પ્રેમી અને ક્યાં ગરીબ ટપાલી ? એની સાથે પરણીને યુવતીને જિંદગીભર દુઃખી જ થવાનું છે !!!

ક્યાં અનંતગુણોના માલિક પરમાત્મા અને ક્યાં નાશવંત એવી આ સામગ્રીઓ. એની પાછળ પાગલ બનેલા આપણે ભવોભવ દુઃખી જ થવાના છીએ.

સંસારમાં જ્યાં નામ અપાય પ્રેમનું પણ હોય હકીકત રાગ જ. આવા લગ્નજીવનમાં શરૂઆતના આકર્ષણના બે-પાંચ વર્ષો પસાર થયા પછી જે વિખવાદ-ઉકળાટ અને કકળાટ સર્જાય છે એનું શબ્દોમાં વર્ણન કરવું અશક્યપ્રાયઃ છે.

જે સંબંધના કેન્દ્રમાં માત્ર 'વાસના' જ હોય છે ત્યાં શરૂઆત આવી જ હોય છે. એના વિના હું રહી જ ન શકું, પરંતુ જેમ જેમ આ સંબંધની યાત્રા આગળ વધતી જાય છે તેમ તેમ મનઃસ્થિતિ ઉલ્ટી થતી જાય છે કે એની સાથે તો હું હવે એક દિવસ પણ રહી નહિ શકું.

કેમ બને છે આમ?

પ્રેમ પાણી જેવો છે. અલગ-અલગ દિશામાં વહેલા બે પાણીના પ્રવાહોને તમે સહેલાઈથી એકબીજામાં ભેળવી શકો છો, પરંતુ વાસના તો છે પથ્થર જેવી... બે જુદાં રહેલા પથ્થરને તમે એકબીજામાં લાખ પ્રયત્નેય ભેળવી ન જ શકો ને ? સાનમાં સમજી જજો.

સ્ત્રીનો પતિ વાસનાનો ગુલામજ હોય છે અને વાસ્તવિક કરુણતા એ છે કે વાસનાના ગુલામને વાસનાના પાત્ર આગળ ગુલામથઈને જ રહેવું પડે છે.

કેવી વિચિત્રતા ?

બહાર સ્વામી તરીકે જીવવાનું અને અંદરખાને ગુલામથઈને રહેવાનું, પ્રકાશમાં વટ પાડતા રહેવાનું અને અંધકારમાં મૂછ નીચી કરી દેવાની ! લોક વચ્ચે ઓળખાણ પતિ તરીકેની આપવાની અને એકાંતમાં સેવક

**અનુસંધાન પાન નં. ૨૧ પર**

અસભ્ય પાશ્ચાત્ય સંસ્કૃતિ જ્યારે આપણી પવિત્ર આર્ષ સંસ્કૃતિની અમૂલ્ય આબરૂના ચીંથરા ઉડાડી રહી છે ત્યારે યોગ્ય સમયે સૌ સાથે મળીને વિચાર કરીએ...

# જો વિકૃતિ વકરશે તો, કેવી દશા હશે આ દેશની ?

પાર્ષદ સર્વમંગલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

ધર્મ પરિવર્તનની વાત જ્યાં આવે છે ત્યાં આવેશમાં આવી જતી એ ભારતીય પ્રજા સંસ્કૃતિ પરિવર્તનના યજ્ઞમાં સામે ચડીને હોંશે હોંશે સામેલ થઈ જાય છે. આખા દેશ ઉપર નાખી જુઓ નજર ત્યારે ખ્યાલ આવશે કે પાશ્ચાત્ય ધર્મ કદાચ કોઈએય અપનાવ્યો નથી. પરંતુ પાશ્ચાત્ય સંસ્કૃતિ ? એના તો સહુ કોઈ હોંશે હોંશે વધામણા જ કરે છે.

આ દેશને એક કાળે ગાયની અને બળદની, ભેંસ અને પાડા આદિક પશુઓની જરૂર હતી. કારણ કે આ દેશ **'કૃષિપ્રધાન'** હતો. આ દેશને એક કાળે સંસ્કારની અને સદાચારની, સભ્યતા અને શરમની, સદ્‌ગુણો અને સદ્‌ભાવની જરૂર હતી, કારણ કે એ કાળે દેશ **'ઋષિપ્રધાન'** હતો.

પરંતુ આજે જ્યારે આપણે આ દેશમાં બહુરાષ્ટ્રીય કંપનીઓને લાલ જાજમપાથરીને આપણી હિન્દુ સંસ્કૃતિને લૂંટી લેવા અને આપણને કપડાં વગરના કરવા બોલાવી જ લીધી છે ત્યારે ગાય, બળદ વગેરે પશુઓની જરૂર જ ક્યાં રહે છે ? વળી, પાશ્ચાત્ય પદ્ધતિનું શિક્ષણ જ્યારે આપણે અપનાવી જ લીધું છે ત્યારે સંસ્કાર, સદાચાર, શરમવગેરેનો ઉપદેશ આપતા સાધુ-સંતોની પણ આપણને જરૂર ક્યાં છે ?

આખરે આપણે આ દેશને દુનિયાના દેશોમાં પ્રથમ નંબર પર લઈ જવા માંગીએ છીએ. જો આપણા બાળકો અને કિશોરો સંતો પાસે જતા રહીને મંદિરોમાં જતા રહીને જુના જમાનાની કથાઓ સાંભળતા રહીને એ તમામની અસરમાં આવી જશે તો આ દેશ વિકાસના ક્ષેત્રે પ્રથમનંબર પર શી રીતે આવી શકશે ? આવા વિચારોના વમળોને આપણે અપનાવી રહ્યા છીએ ત્યારે એમવિચાર થાય કે શું થાશે આ દેશનું ?

વાસનાજન્ય વિકારોથી છૂટકારો મેળવવા માણસ પરમાત્માને ઝંખે છે; એમને ? ઊભું કરવા દ્યો એને મંદિર, જરૂર પડે તો એ માટેની એમને જમીન પણ ફાળવી દો. થોડી રકમઆપવી પડે તો રકમપણ આપી દો. પણ સબૂર ! એ જ્યાં મંદિર ઊભું કરે એની સામે અશ્લીલ દશ્યોવાળા પોસ્ટરો લગાવવાનો ખાસ ખ્યાલ રાખો, એ પોસ્ટરો જોઈને ભલે એ મંદિરમાં જતો અને પ્રભુ સ્તવના કરતો - હા, આજે આજ બની રહ્યું છે. **પ્રભુદર્શન, અશ્લીલ દશ્યોના દર્શન બંનેય માણસ કરી રહ્યો છે. વિકારો ત્યાંને ત્યાં જ રહે છે** ત્યારે એમ થાય કે **શું થાશે આ દેશનું ?**

આ દેશમાં વાલિયાને વાલ્મિકી બનાવવાનું કામ ભૂતકાળમાં થયું, કામાંધ તુલસીદાસને સંત તુલસીદાસ બનાવવાનું કાર્ય ભૂતકાળમાં થયું, વાસનાથી ભરેલા બિલ્વમંગળને સંત સુરદાસ બનાવવાનું કામ ભૂતકાળમાં થયું, જેની દ્વારકાથી પુના-સતારા સુધી હાંક વાગતી - જેના નામથી સયાજીરાવ સરકાર પણ ધ્રૂજતી એવા ધાડપાડુ જોબનપગીને ભક્તરાજ જોબનપગી બનાવવાનું કામ ભૂતકાળમાં થયું, કચ્છનો કાળુડો નાગ જેસલ જાડેજાને ભક્ત જેસલ બનાવવાનું કામ ભૂતકાળમાં થયું. પરંતુ જ્યારે પાશ્ચાત્ય સંસ્કૃતિનું જોર આ દેશમાં વ્યાપ્યું છે ત્યારે **આ દેશ ખરાબને સારા નથી બનાવી શક્તો પણ સારાને સારા રાખે તોપણ ઘણું છે.**

આ દેશમાં આજે એવું વાતાવરણ ફેલાઈ રહ્યું છે કે, જે યુવાનમાં રામ બનવાની સંભાવના હોય તેને રાવણ બનવા પ્રેરે છે, જે યુવાનમાં કૃષ્ણ બનવાની સંભાવના હોય તેને શિશુપાલ કેમ બને તેવા જ પ્રયત્નો થઈ રહ્યો છે. જે યુવાનમાં અર્જુન બનવાના કોડ હોય તોપણ તે દુર્યોધન બને એવી સિરિયલો બતાવવામાં આવે છે. જે યુવતીમાં સીતા બનવાની સંભાવના હોય તેને સીતા ન બનવા દેતા વિશ્વસુંદરી જ બનાવી દેવાના પ્રયત્નો કરે છે. **ત્યારે વિચારો શું થાશે આ દેશનું ?**

બદમાસીની પરાકાષ્ઠા તો એ છે કે સ્ત્રીનું સન્માન જે યુગમાં ઠીક ઠીક પ્રમાણમાં જળવાતું જ હતું એ યુગમાં 'સ્ત્રી સન્માન'ના એટલા નારાઓ હવામાં નહોતા ગૂંજતા જેટલા નારાઓ સ્ત્રીઓને વિશ્વસુંદરી અભિનેત્રી બનાવવાના ગોરખધંધા કરી રહેલા આજના યુગમાં ગૂંજી રહ્યા છે. સ્ત્રી સ્વાતંત્ર્ય માટે, સ્ત્રી સન્માન માટે, સ્ત્રી ગૌરવ માટે પરિસંવાદો યોજાઈ રહ્યા છે.

આ દેશની જે ધરતી ઉપર સીતા અને દ્રૌપદી, સાવત્રી અને દમયંતી, મીરાં અને તોળાદે, લાડુબા અને જીવુબા, રાજબા અને ઝમકુબા જેવા પવિત્ર સ્ત્રીઓ થઈ ગયા **એ દેશની ધરતી**

**પર** સ્ત્રીઓ આજે વિશ્વસુંદરી અને અભિનેત્રી બનવાની હરિફાઈમાં તમામ તાકાતથી કૂદી રહી છે.

કેવી દુઃખદ વાસ્તવિક્તા છે - કે જે દેશની સ્ત્રીઓ એકકાળે હજારોની સંખ્યામાં પોતાના શીલને સાચવવા જાન કુરબાન કરી ચૂકી છે. આજે એ જ દેશમાં યુવતીઓ વિશ્વસુંદરી બનવા પોતાની પવિત્રતાને બજારમાં વેચી રહી છે ત્યારે વિચાર કરો શું થાશે આ દેશનું ?

પૂર્વના સમયમાં **'સંસ્કારી કુટુંબ - સુખી કુટુંબ'**ની આ વ્યાખ્યા હતી ને ? આજે આપણે **'નાનું કુટુંબ - સુખી કુટુંબ'**ની જ વ્યાખ્યા કરી નાખી છે. **'સંતોષી નર સુદા સુખી'**ની પૂર્વકાળની વ્યાખ્યાને આજે આપણે **'સંપત્તિવાન સદા સુખી'**ની વ્યાખ્યામાં બદલી નાખી છે. **'ધર્મ એ જીવનનો પ્રાણ છે'**ની પ્રચલિત વ્યાખ્યાને આજે આપણે **'પૈસો એ જ જીવનનો પ્રાણ છે'**ની વ્યાખ્યામાં રૂપાંતરિત કરી નાખી છે. **'મરણ જો મંગળ તો જીવન સફળ'** આ ઉક્તિને આજે આપણે **'આ લોક મીઠા તો પરલોક કોણે દીઠા'**નું સ્વરૂપ આપી દીધું છે.

તમે કદાચ એમ કહો કે વ્યાખ્યા બદલી નાખવામાં ફરક શું પડે છે ? **બદલાયેલ વ્યાખ્યાઓએ સહુના જીવનની વ્યવસ્થા બદલી નાખી છે ને મનની સ્વચ્છતા પણ બદલી નાખી છે.** ત્યારે વિચારો શું થાશે આ દેશનું ?

આજે કહેવાતો લોકશાહી દેશ ટોળાશાહી બનતો જઈ રહ્યો છે. જેને કારણે ગુંડાનેય રાજા બનવાની છૂટ મળી રહી છે. ખુનીનેય વડાપ્રધાન બનવાની, ચોરનેય સંરક્ષણ પ્રધાન બનવાની, ડાકુનેય વિદેશપ્રધાન બનવાની, લફંગાનેય કાયદાપ્રધાન બનવાની, કાતિલનેય રેલ્વેપ્રધાન બનવાની છૂટ મળી રહી છે. આમને આમઆ દેશ ટોળાશાહી બનતો રહેશે તો કાલે આપણને કોઈક ઉત્શૃંખલ કે પાગલ માણસ પણ વડાપ્રધાનની ખુરશી પર બેઠેલો જોવા મળશે.... **ત્યારે શું થાશે આ દેશનું ?**

આ દેશની હિન્દુ સંસ્કૃતિના દરેક શાસ્ત્રોએ 'અહિંસા પરમો ધર્મ'નો ઉપદેશ આપીને આ દેશની સંસ્કૃતિને અહિંસાના પાયા પર પ્રતિષ્ઠિત કરી. આ દેશને આઝાદ કરનાર મહાત્મા ગાંધીજીએ પણ અહિંસાના પાયા પર રહી આ દેશને સ્વતંત્ર કર્યો. પરંતુ કરુણતા તો એ છે કે, એ જ દેશમાં આજે શાસકો દ્વારા કતલખાનાઓને મંજુરી સાથે સબસીડી અપાઈ રહી છે. કરોડો રૂપિયા હિંસા માટે ફાળવી રહ્યા છે. તેમછતાંય કોઈ અવાજ ઉઠાવવા પણ તૈયાર નથી.... વિદ્વાનો ! શાસકો ! સજ્જનો ! સત્પુરુષો ! ત્યાગી-ગૃહસ્થ સૌ સાથે મળીને વિચાર કરો : જો આપણી જ હાજરીમાં અને આપણા જ કોઈ કારણથી વિકૃતિ વકરી જઈને સંસ્કૃતિને દબાવી દેશે તો આગળ જતા આ આર્ય દેશની દશા કેવી હશે...? અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ

**અનુસંધાન પાન નં. ૧૯ પરનું**

થઈને રહેવાનું !

બહુજનવર્ગની હાલત આવી જ હોવા છતાં તેમાંથી બોધપાઠ લઈને કોઈ મર્દનો લાલ સાચા અર્થમાં મર્દાનગી બતાવવા તૈયાર થતો નથી. એ વાસ્તવિક્તા આશ્ચર્યજનક નથી લાગતી ? સેવક બનીએ તો પરમાત્માના બનીએ ! ગુલામી કરવી હોય તો ભગવાનની કરીએ ! આરતી ઉતારવી હોય તો પ્રભુની ઉતારીએ ! જીવન ન્યોચ્છાવર કરવું હોય તો પુરુષોત્તમનારાયણ પાછળ કરીએ !

**'હરિને વર્યા જે હેતથી, તેને વરવું રહ્યું નહિ ક્યાંય;**
**એહ વિના વર્યો હજારને, તોય 'નિત્ય' રંડાયો સોય.'**

યાદ રાખજો... વાસના સ્વામીના ભ્રમમાં રાખીને ગુલામ બનાવે છે, જ્યારે ઉપાસના સેવક બનાવીને આખરે સ્વામી (સંત) બનાવીને જ રહે છે.

સંસારમાં લગ્ન કરનારને લમણે વૈધવ્ય (રંડાપો) ઝીંકાયા વિના રહેતું નથી. પરંતુ પરમાત્માને પોતાના પ્રીતમ બનાવી દે છે એના લમણે ક્યારેય વૈધવ્ય ઝીંકાતું જ નથી.

**'જોયું જીવે જ્યારે જાગીને, ત્યારે થયું સાચું અનુમાન;**
**વિષય સર્વે દુઃખે ભર્યા, 'નિત્ય' સુખ એક મૂર્તિમાંય.'**

**'અખંડ અંતર હોળી જલતી,**
**રહેતી જળહળતી અગ્નિજ્વાળ;**
**પણ હવે તો 'નિત્ય' નિત્ય થઈ દિવાળી,**
**હરિવર આવતા ઉર.'**

આ સમાચાર સાંભળતા તમારા મનમાંય અદમ્ય ઝંખના પેદા થઈ ગઈ હશે કે અમને મુરતિયા તરીકે પરમાત્મા જોઈએ છે.


તો જે માતાપિતાએ પોતાની કન્યાના લગ્ન પુરુષોત્તમ નારાયણ સાથે કરાવવાની ઈચ્છા હોય તે કન્યાના માતાપિતા ધર્મ-ભક્તિનો સંપર્ક જરૂર કરે.

**'પ્રભુ પામવાનું હરિ વરવાનું, વહેમ છોડવાનું, નામર્દોનું કામ નથી;**
**નિયમ પાળ્યાનું નિશ્ચય કર્યાનું, પક્ષ રાખ્યાનું, નામર્દોનું કામ નથી.**
**મન માર્યાનું ઈન્દ્રિયો જીત્યાનું, વ્યસન છોડ્યાનું, નામર્દોનું કામ નથી;**
**દાસ બનવાનું જીવ જોડવાનું, દેહ દમવાનું, નામર્દોનું કામ નથી.**
**વિષય છોડ્યાનું મોક્ષ કર્યાનું, 'નિત્ય' મહેંકવાનું,**
**નામર્દોનું કામ નથી.'**

બંને દેશના તમામ સંતો-હરિભક્તોના મોભી અને તમામને બંને આચાર્યજી મહારાજશ્રીની આજ્ઞામાં વર્તાવવાની જવાબદારી જેને સોંપેલ છે તેવા

# યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો-પ્રશ્નોત્તરી

- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



ગતાંકથી ચાલુ...

**પ્રશ્ન : ૨૮ વિષયમાં રાગ હોય તે કેમ ટળે ? (વાત-૨૭)**

ઉત્તર : આત્મસત્તા રૂપે થઈને જીવમાં ભગવાનની મૂર્તિ ધારે તો વિષયમાં રાગ હોય તે ટળે. (અનુસંધાન વાત-૩ પ્રશ્ન-૧/૨)

**પ્રશ્ન : ૨૯ જગત તે શું ? તેનો અર્થ કરો. (વાત-૨૮)**

ઉત્તર : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તે જગત છે.

તેમાં પણ માન, સ્ત્રી ને ધન એ ત્રણ તો વિશેષ જગત છે.

**પ્રશ્ન : ૩૦ ત્યાગી કેમ કરે તો જગતમાં લેવાણો એમ કહેવાય ? (વાત-૨૮)**

ઉત્તર : ત્યાગીને કોઈ માન કરે તથા અપમાન કરે તથા પૂજા કરે તથા ધૂળ નાખે એ આદિકમાં હર્ષ શોકને પામે તો જગતમાં લેવાણો.

તેમજ ત્યાગીને ધન ને સ્ત્રી એ બે તો ન હોય પણ જો કોઈક ભક્ત મંદિરને વિષે ધૂળ નાંખીને ખાડા પૂરે તથા પાણા ફેરવે તથા મંદિરમાં ગારૂ્ય કરે તથા સંતની સેવા કરે અને કોઈક તો રજોગુણી મનુષ્યને સત્સંગ કરાવીને તેને ઉપદેશ કરીને બે ત્રણ ચાર હજાર રૂપિયા લાવે ત્યારે એ બેયની ઉપર સમભાવ ન રહે ને અધિક ન્યૂન ભાવ રહે તો જાણવું જે એ જગતમાં લેવાણો.

**પ્રશ્ન : ૩૧ ત્યાગીને ધન અને સ્ત્રી રહે છે, તે શું જાણવું ? (વાત-૨૯)**

ઉત્તર : ત્યાગીને દેહ એ ધન અને સ્વભાવ એ સ્ત્રી છે.

**પ્રશ્ન : ૩૨ ત્યાગીને દેહમાં ધન અને સ્વભાવમાં સ્ત્રી કેવી રીતે રહી છે ? (વાત - ૨૯)**

ઉત્તર : ત્યાગી ઉપરથી સ્ત્રીનો ત્યાગ કરીને બેઠો છે પરંતુ જો દેશકાળે કરીને સ્ત્રીનો યોગ થાય તો તેને ભોગવવાની આસક્તિ થાય અને ભોગવે. માટે સ્ત્રી તે સ્વભાવમાં રહી છે.

ને દેહમાં ધન તો એમ છે જે દેહમાં મંદવાડ થાય તથા કોઈક જાતનો સ્વભાવ પડે તથા વસ્ત્રાદિક પદાર્થ જોઈએ ત્યારે ધનમાં આસક્તિ થાય તે માટે ધન તે દેહમાં છે.

**પ્રશ્ન : ૩૩ કેવા સાધુ પુરૂષોત્તમની સેવાનાં અધિકારી બને છે ? (વાત-૨૯)**

ઉત્તર : જે સાધુ અક્ષરભાવને પામ્યા હોય તે જ પુરૂષોત્તમની સેવાનાં અધિકારી થાય છે.

**પ્રશ્ન : ૩૪ મહારાજ આજ્ઞા કરે તો કેવી જગ્યાએ દેહ ધરવો ? (વાત-૩૨)**

ઉત્તર : મહારાજ આજ્ઞા કરે તો જે ગરીબ બ્રાહ્મણ હોય ને માંગીને પેટ ભરતો હોય ને કન્યા પણ ન મળતી હોય ને વેદનો ભણેલો ને ધર્મવાળો હોય તેને ઘેર દેહ ધરવો કે તરત ઘરનો ત્યાગ કરીને ત્યાગી થવાય.

**પ્રશ્ન : ૩૫ કેમ સમજે તો દેશકાળે કરીને પણ મતિ ન ફરે ? (વાત-33)**

ઉત્તર : જે એમ સમજે જે, 'ભગવાન કરતા હશે તે ઠીક જ કરતા હશે.' એમ સમજે

તેની કોઈ રીતે મતિ ન ફરે.

**પ્રશ્ન : ૩૬ કામબુદ્ધિથકી પર જીવાત્માને વિષે કેવી રીતે છે ? તે સમજાવો. (વાત-૪૧)**

**ઉત્તર :** કામજીતવો અતિ દુર્જય છે તે જો દેહને બળહીન કરે તો ઈન્દ્રિયોમાં રાગ રહે ને દેહ તથા ઈન્દ્રિયોને બળહીન કરે તો મનમાં રાગ રહે છે અને મનના સંકલ્પ બંધ કરે તો બુદ્ધિમાં રાગ રહે છે તે માટે કામતો બુદ્ધિથકી પર એવો જે અનાદિ અજ્ઞાનરૂપ જે કારણ શરીરે યુક્ત જીવ તેને વિશે છે.

**પ્રશ્ન : ૩૭ કર્મયોગ એટલે શું ? (વાત-૪૨)**

**ઉત્તર :** ભગવાનની શ્રવણ કિર્તનાદિક જે ભગવાનને અર્થે ક્રિયા કરવી તે કર્મયોગ કહેવાય.

**પ્રશ્ન : ૩૮ જ્ઞાનયોગ એટલે શું ? (વાત-૪૨)**

**ઉત્તર :** કર્મયોગ (ભગવાન સંબંધી ક્રિયા) કરતાં જે સુખદુઃખ આવે તેનું સહન કરવું તે જ્ઞાનયોગ કહેવાય.

**ક્રમશઃ**

**અનુસંધાન પાન નં. ૭ પરનું**

આ ઉપરોક્ત મંદિરોના પ્રતિષ્ઠા પ્રસંગોમાં શાસ્ત્રોક્ત વૈદિકવિધિ તથા હજારો હજાર બ્રાહ્મણોને જમાડવા, દક્ષિણા આપવી વગેરે શ્રીજી સમકાલીન પ્રમાણે જ કર્યું હતું. આ આચાર્યશ્રીના શાંત અને પવિત્ર સ્વભાવથી સત્સંગની કીર્તિ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામીને દરેક દિશાઓમાં ફેલાયેલી હતી.

આ આચાર્યશ્રીએ શ્રીજીમહારાજે સ્થાપેલ સંપ્રદાયની પુષ્ટિ માટે તેમણે જ ઉચ્ચારેલા વચન (વચ.ગઢડા મધ્ય પ્રકરણ : ૫૮) મુજબ સંપ્રદાયના કેટલાક અતિ મહત્ત્વના ગ્રંથો પણ રચેલા છે :- જેમાં (૧) શ્રીહરિલાલા કલ્પતરુ ગ્રંથ (આશરે ૩૩ થી ૩૬ હજાર શ્લોકોનો દ્વાદશ સ્કંધાત્મક ભક્તિશાસ્ત્રનો મહાન ગ્રંથ) આ ગ્રંથમાં ભગવાન શ્રીહરિનું ચરિત્ર સર્વોપરિ માહાત્મ્ય સહિત વિસ્તારથી વર્ણવેલું છે. (૨) ભાવપ્રબોધિની નામની સર્વમંગળ સ્તોત્રની વ્યાખ્યા. (૩) ભાવાર્થ પ્રકાશિકા નામની જનમંગલ સ્તોત્રની ટીકા. (૪) શિક્ષાપત્રીનું સંસ્કૃત ભાષ્ય.


આ શાસ્ત્રો દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્વરૂપ અને મૂળ અભિપ્રાય સમજવામાં સુગમતા કરી આપેલ છે.

આ પ્રમાણે જેમણે શાસ્ત્ર, મંદિરો અને પોતાના ઉપદેશથી શ્રીજી સ્થાપિત સંપ્રદાયની ઘણા કાળ સુધી વૃદ્ધિ કરીને છેલ્લી અવસ્થામાં પરમાત્માના સ્વરૂપમાં જ પ્રીતિ યુક્ત થઈને બહારવૃત્તિનો ત્યાગ કરવા ઈચ્છતા શ્રી રઘુવીરજી મહારાજે પોતાના ભત્રીજા શ્રી ભગવત્પ્રસાદજી મહારાજને આચાર્યપદે અભિષિક્ત કરીને પોતે શ્રીજીમહારાજની આરાધના કરવામાં જ તત્પર થયા અને **દેહાવસાન સમયે** સર્વ સાધુ-બ્રહ્મચારી આદિકને યોગ્ય ઉપદેશ આપીને તેમજ આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજને 'સંપ્રદાયનું પાલન કરવું એ જ જેમાં મુખ્ય ધર્મ છે' એવા આચાર્યપદને શોભાડનાર પરમધર્મનો ઉપદેશ આપીને સં.૧૯૧૯ના મહા સુદ - ૨ ને દિવસે શ્વાસ વિરામપામીને શ્રીજીમહારાજની મૂર્તિમાં નિમગ્ન થકા ભગવાન શ્રીહરિના અક્ષરધામમાં ગતિ કરેલી છે.'

આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે સંપ્રદાયલક્ષી અનેક કાર્યો કરેલા છે, તેમાં પણ જે સં. ૧૯૧૨માં વડતાલમાં સત્સંગ છાવણીનું આયોજન કરેલું તે તો અતિ અદ્‌ભૂત જ છે. જેમાં હજારો સંતો અને સત્સંગીઓને એકત્રિત કરી શ્રીમદ્ સત્સંગિજીવનની કથા તેમજ ભગવાન શ્રીહરિના સાક્ષાત્કારવાળા સંતોની વાતોના સદ્‌ઉપદેશથી ખૂબજ જ્ઞાનવાર્તાઓનો પ્રવાહ વહાવ્યો હતો અને સત્સંગનો અનેરો રંગ ચઢાવ્યો હતો. આ છાવણીનું વર્ણન તથા જ્ઞાનોપદેશ આ આચાર્યશ્રીએ રચેલા શ્રીહરિલીલા કલ્પતરુ ગ્રંથમાં દષ્ટિગોચર થાય છે.

સ્વામીએ વાત કરી જે **રઘુવીરજી મહારાજ પૃથ્વી ઉપર રહ્યા, ત્યાં સુધી દેશકાળાદિકનું બહુ સુખ રહ્યું.** કેમજે, મહારાજ એમને વશ તે જેમધારે તેમકરે. ને હવે તો રઘુવીરજી મહારાજે દેહ ત્યાગ કર્યો છે તે દિવસથી દુઃખ ચડતું આવે છે. કેમજે, જેમમોટી નદીનું પૂર ચડતું આવે છે તેમદુઃખ ચડતું આવે છે. તે જુઓને રાજાઓનું કેવું દુઃખ છે તે ભેંસજાળવાળા ને જોઈવાવાળા જે ગરાસિયા તેનો ન્યાય કર્યો જ નહિ. તેમજ અખોદડવાળો બ્રાહ્મણ ભગવદી તેને મારી નાખ્યો, તેનો પણ અન્યાય કર્યો, એવાં દુઃખ છે. તે સારુ તો **અમે મહારાજને અરજી નાખી છે; જે રઘુવીરજી મહારાજ જેવા બે આચાર્ય કરો** ને ગય રાજાજેવો એક રાજા કરો તો બે કરોડ મનુષ્ય પ્રભુ ભજે છે તે દશ કરોડ મનુષ્ય પ્રભુ ભજે, એમસંકલ્પ કર્યો છે, ત્યારે સર્વે હરિજન બોલ્યા : જે 'હે મહારાજ ! તમે ધાર્યું છે તે સારું જ થાશે.' (સ્વામીની વાતો : ૨/૬૩)

આવા સત્સંગના વિકાસના અનેક કાર્યો કરનાર પ.પૂ. ધ.ધુ. આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીના ૧૯૬મા જન્મદિને તેઓશ્રીના શ્રીચરણોમાં હજારો હજાર વંદન સહ... જય શ્રી સ્વામિનારાયણ...



# સત્સંગ સમાચાર પત્રિકા

અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર


## મોજીદડ ગામમાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા

લીંબડી તાલુકાના મોજીદડ ગામે સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. આચાર્યજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી નવનિર્માણ શ્રી રાધાકૃષ્ણ મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે તા. ૧૬-૨-૦૮ના રોજ રાત્રિના 'દિવ્ય સત્સંગ સભા'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સત્સંગ સભામાં સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી આદિક સંત મંડળ સાથે પધાર્યા હતા.

ધૂન-કીર્તન-ભક્તિના માધ્યમદ્વારા સત્સંગ સભાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ પૂ. સ્વામીએ તથા પૂ. પૂર્ણસ્વરૂપ સ્વામીએ કથા-વાર્તાનો અનેરો લાભ આપ્યો હતો.

સભાના અંતમાં શ્રી રાધાકૃષ્ણ મંદિરના સંચાલકશ્રીઓ દ્વારા પૂ. સ્વામી તેમજ અન્ય સંતો-ભક્તોનું પુષ્પમાળા પહેરાવી સ્વાગત કર્યું હતું.



## રોપામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ ભવ્ય શાકોત્સવ



વડોદરા જિલ્લાના રોપા ગામને આંગણે તા. ૨૩-૩-૦૮ના રોજ સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સરધારથી પધારેલ પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી, વગેરે સંતો-ભક્તોના પ્રાસંગિક પ્રવચનો બાદ શાકોત્સવમાં પધારેલ ભાવિક ભક્તજનોને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## વડોદરામાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભામાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

સદ્. મુક્તાનંદ સ્વામીએ ત્રણસો ત્રણસો વિદ્વાનોને પરાસ્ત કરી ભગવાન શ્રી સ્વામિનારાયણનો દિગ્વિજય પ્રસિધ્ધ કર્યો તેવા વડોદરા શહેરને આંગણે તા. ૨૪-૦૨-૦૮ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં માસિક સત્સંગ સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે વડતાલથી પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતો-ભક્તોના પ્રાસંગિક પ્રવચનો બાદ શાકોત્સવમાં પધારેલ ભાવિક ભક્તજનોને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા મહાપ્રસાદનો લાભ લીધો હતો.





**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા**
**પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - ખસનો**

## ભવ્ય રજત જયંતિ મહોત્સવ તેમજ શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ પારાયણ

સર્વજીવ હિતકારી પરમકૃપાળુ અનંતકોટી બ્રહ્માંડોના અધિપતિ સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના ચરણરજથી પાવન બનેલ ખસ ગામને આંગણે અક્ષરધામનિવાસી **દલવાડી ગલ્લાભાઈ રૂડાભાઈ, રાઘવભાઈ ભોજાભાઈ** તેમજ **નથુભાઈ જીવાભાઈ** એ ત્રણેના પરિવારોએ એકમત થઈ, તન-મન-ધનની સેવા સમર્પીને સર્વજીવ કલ્યાણાર્થે નવ્ય ભવ્ય કલાત્મક સુશોભિત મંદિરનું નિર્માણ સં. ૨૦૪૦માં કર્યું હતું. તેને આજે પચ્ચીસ વર્ષ પુરા થતા હોય તે પ્રસંગે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના તેમજ **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ**ની છત્રછાયાના અમારા ગામ**ખસ**ને આંગણે **તા.૨૩-૨-૦૮ મહા વદ -૨ થી તા. ૨૯-૨-૦૮ મહા વદ - ૮** સુધી ભવ્ય **'રજત જયંતી મહોત્સવ'**નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવ અંતર્ગત સંપ્રદાયના સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા રચિત મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન'** શાસ્ત્ર કે જે ગ્રંથને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના મસ્તકે લઈને દાદાના દરબારમાંથી લક્ષ્મીવાડી સુધી પધાર્યા અને કહ્યું હતું જે : 'इदम् शास्त्रं सर्व शास्त्र शिरोमणी' સર્વે શાસ્ત્રમાં આ ગ્રંથ શિરમોડ સમાન છે. એવા ગ્રંથરાજની સપ્તાહ પારાયણનું **પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** - વડતાલ (હાલ-સરધાર)ના વક્તાપદે આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૩ના રોજ ગામના ભાગોળથી પોથીયાત્રાનો પ્રારંભ થઈને કથાસ્થળે વિરમી હતી. સૌપ્રથમપૂ. વક્તાશ્રીએ દિપપ્રાગટ્ય કરીને મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. ત્યારબાદ યજમાનશ્રીઓ દ્વારા ઠાકોરજી, પોથીજી અને વક્તાશ્રીનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી વક્તાશ્રીએ મંગળાચરણ કરીને કથાનો શુભ પ્રારંભ કર્યો હતો.

તા. ૨૪ના સાંજે ૬.૦૦ કલાકે સંગીતના સુરો સાથે સભામંચમાં પૂ. વક્તાશ્રીએ કથા અંતર્ગત અને ભગવાન શ્રીહરિના પ્રાગટ્યોત્સવ અતિ ભવ્યતાપૂર્વક વર્ણન કરીને છપૈયાપુરમાં ઉજવાયેલ પ્રાગટ્યોત્સની ઝાંખી આબાલ-વૃદ્ધ હરિભક્તોના અંતરમાં સ્મૃતિપટ કર્યો હતો. ત્યારે સર્વત્ર આનંદ, આનંદ છાઈ રહ્યો અને પછી "રંગ લાગ્યો ઘનશ્યામતારો રંગ લાગ્યો" અને "ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી" ના જયઘોષથી સારાયે સભાખંડમાં જાણે આજે બ્રહ્માંડ નાચતું કુદતું હોય એવું દિવ્ય વાતાવરણ ખડું કર્યું.

તા. ૨૬ના સાંજે સભામંચમાં પૂ. વક્તાશ્રીએ કથા અંતર્ગત ભગવાન શ્રીહરિનો જેતપુરમાં ગાદિ પટ્ટાભિષેક પ્રસંગ અતિ ધામધુમથી ઉજવ્યો હતો. જાણે કે અત્યારે જ સભામંડપમાં શ્રીજી મહારાજનો પ્રથમગાદી પટ્ટાભિષેક મહોત્સવ ઉજવાઈ રહ્યો હોય એવું દિવ્ય વાતાવરણ ખડું થયું હતું. પ્રસંગને અનુરૂપ કિર્તનો, ઉત્સવીયા હરિભક્તોનો રાસ અને નૃત્યની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ પૂ. સંતો તેમજ યજમાનશ્રીઓ તથા સંતો દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત સહિત કેસર વગેરે સુગંધિત જળોથી અભિષેક કરવામાં આવ્યો હતો. આ અભિષેક કરવામાં આવ્યો ત્યારે તમામભક્ત સમુદાય ભાવવિભોર બની ગયો હતો. ત્યારપછી પૂ. સંતો તેમજ યજમાનશ્રી દ્વારા પટ્ટાભિષેક મહોત્સવની આરતી ઉતારવવામાં આવી હતી.

તા. ૨૮ના રોજ સાંજે ૬.૩૦ કલાકે આ મહોત્સવના કળશ ચઢાવવાને માટે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓની ભવ્ય શોભાયાત્રા કાઢીને સ્વાગત કરવામાં આવ્યું હતું. કથાસ્થળે શોભાયાત્રા વિરમી ત્યારબાદ સભાસ્થાનમાં પૂ. વક્તાશ્રી તેમજ સંતો-ભક્તો અને યજમાનશ્રીઓ દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગઢપુરથી પધારેલ પૂ. એસ.પી. સ્વામી, પૂ. બ્રહ્મચારી જ્ઞાનપ્રકાશાનંદજી, પૂ. પુરાણી શ્રીહરિદાસજી-વરજાંગ જાળિયા, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતો-ભક્તોના માંગલિક પ્રવચનો બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સભાજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.


તા. ૨૯ના રોજ સભાસ્થાનમાં પૂ. વક્તાશ્રીએ કથાની પૂર્ણાહુતિ કરી હતી. આ સભામાં આજે ફરીથી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારીને ભક્તજનોને આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ મંદિરમાં વિરાજમાન ભગવાન શ્રીહરિના અર્ચા સ્વરૂપનું ૨૫મા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે પૂજન-અર્ચન અને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ત્યાં મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધારીને ઠાકોરજીની આરતી ઉતારી હતી.

## ગઢપુરમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ગઢપુરને આંગણે તા. ૨૩-૨-૦૮ થી તા. ૨૯-૨-૦૮ સુધી સાંખ્યયોગી બહેનોના સંકલ્પથી અને તેમના જ યજમાનપદે પૂ. શા. કોઠારી સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજીના વક્તાપદે સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણનું દાદાખાચરના દરબારગઢમાં આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તા. ૨૯-૨-૦૮ના રોજ વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંતમંડળ સહિત પધાર્યા હતા. પૂ. કોઠારી સ્વામી, પૂ. એસ.પી. સ્વામી આદિક વડિલ સંતોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફુલમાળા અર્પણ કરીને ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂ. સંતોના મંગળ પ્રવચન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામજન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.



## બોટાદ શહેરમાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા



બોટાદ શહેર ખાતે સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી હરિકૃષ્ણ મંડળ દ્વારા તા. ૮-૩-૦૮ના રોજ રાત્રિના 'દિવ્ય સત્સંગ સભા'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સત્સંગ સભામાં સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી આદિક સંત મંડળ સાથે પધાર્યા હતા.

ધૂન-કીર્તન-ભક્તિના માધ્યમદ્વારા સત્સંગ સભાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ પૂ. સ્વામીએ તથા પૂ. પૂર્ણસ્વરૂપ સ્વામીએ કથા-વાર્તાનો અનેરો લાભ આપ્યો હતો.

સભાના અંતમાં શ્રી શ્રી હરિકૃષ્ણ મંડળના ભક્તજનો દ્વારા પૂ. સ્વામી તેમજ અન્ય સંતો-ભક્તોનું પુષ્પમાળા પહેરાવી સ્વાગત કર્યું હતું.

## ઈંગોરાળા(ડાંડ)માં યોજાયેલ દિવ્ય સત્સંગ સભામાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ગારીયાધાર તાલુકાના ઈંગોરાળા(ડાંડ) ગામને આંગણે તા. ૯-૦૩-૦૮ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં દિવ્ય સત્સંગ સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે વડતાલથી પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતો-ભક્તોના પ્રાસંગિક પ્રવચનો બાદ સત્સંગ સભામાં પધારેલ ભાવિક ભક્તજનોને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમીપ દર્શનનો લાભ આપી ધન્યભાગી બનાવ્યા હતા.

## ભંડારિયા(ગારિયાધાર)ને આંગણે યોજાયેલ દેવોનો વાર્ષિક પાટોત્સવ

ગારિયાધાર તાલુકાના ભંડારિયા ગામને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન દેવોનો વાર્ષિક પાટોત્સવ તા. ૧૩-૩-૦૭ના રોજ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સરધારથી પૂ. પૂર્ણસ્વરૂપ સ્વામી, પૂ. વ્યાપક સ્વામી વગેરે બ્રહ્મનિષ્ઠ સંતો પધારી સત્સંગ કથા-વાર્તાનો અમૂલ્ય લ્હાવો આપ્યો હતો.

આ પ્રસંગે સવારે ૭.૦૦ કલાકે વેદોક્ત મંત્રોચ્ચારની સાથે ઠાકોરજીનો કેસરજળ વડે અભિષેક પૂ. સંતો તથા યજમાનશ્રી દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઠાકોરજીને અન્નકૂટ ધરાવીને આરતી ઉતારવામાં આવી હતી.

## ઝડકલા (તા. સાવકુંડલા)ને આંગણે ઉજવાયેલ નૂતન મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

સાવરકુંડલા તાલુકાના ઝડકલા ગામખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રીજીસમકાલીન પરમહંસ સ.ગુ. શ્રી શ્યામળીયાચૈતન્યાનંદ સ્વામીની શિષ્ય પરંપરાના ગઢપુરના સ.ગુ. કો. શ્રી ઘનશ્યામપ્રસાદજીની અમી દૃષ્ટિથી તેમના શિષ્ય શા. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી (કે.પી.સ્વામી)ના માર્ગદર્શન પ્રમાણે અને અથાગ પરિશ્રમથી શ્રી ગોપીનાથજી મહારાજ દેવ તાબાના નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું તા. ૮-૩-૦૮ થી તા. ૧૫-૩-૦૮ સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગઢપુર મંદિર કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામજન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

આ મહોત્સવ તા. ૯-૩-૦૮ના રોજ સાંજે ૫.૩૦ વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. ગામના ભાગોળથી પ.પૂ. લાલજી મહારાજશ્રી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા આખામાં ફરીને કથાસ્થળે શોભાયાત્રા વિરામપામી હતી.


ત્યારબાદ સભામંચમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના સ્થાન ગ્રહણ કર્યું હતું. યજમાનશ્રીઓ દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફૂલમાળાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂ. બ્રહ્મચારી શ્રી જ્ઞાનપ્રકાશાનંદજી - ગઢપુર, પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી -સરધાર તથા પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતો-ભક્તોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને પોતાની દિવ્યમય અમૃતવાણી અને સમીપ દર્શનનો લાભ આપી ધન્યભાગી બનાવ્યા હતા.

તા. ૧૦-૩-૦૮ના રોજ સવારે શુભ મુહુર્તમાં નૂતન મંદિરમાં શુભ મુહૂર્તમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ભુદેવોના વેદમંત્રોના ગાન સાથે અર્ચા સ્વરૂપ મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. ત્યારબાદ પ્રતિષ્ઠાવિધિની પ્રથમઆરતી ઉતારી ભક્તજનોને માટે મંદિરના દ્વાર ખુલ્લા કર્યા હતા.



## કારિયાણીને આંગણે ઉજવાયેલ નૂતન મહિલા મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ



બોટાદ તાલુકાના શ્રીજીપ્રસાદિભૂત ગામકારિયાણી ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. કો. સ્વામી શ્રી ભક્તિપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે અને અથાગ પરિશ્રમથી શ્રી ગોપીનાથજી મહારાજ દેવની છત્રછાયાના નૂતન શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું તા. ૭-૩-૦૮ થી તા. ૧૩-૩-૦૮ સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડભાણ નિવાસી અ.નિ. પૂ. પુરાણી સ્વામી શ્રી જગતપ્રકાશદાસજીના કૃપાપાત્ર શિષ્ય પૂ. સ્વામી શ્રી શાંતિપ્રસાદદાસજીના વ્યાસાસને ભગવાન શ્રી વેદવ્યાસજી રચિત ગ્રંથરાજ 'શ્રીમદ્ ભાગવત કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા શ્રીકૃષ્ણ જન્મોત્સવ, શ્રીરામજન્મોત્સવ, શ્રી ગોર્વધન-અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

આ મહોત્સવ તા. ૧૦-૩-૦૮ના રોજ સવારે ૧૦.૦૦ વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. ગામના ભાગોળથી પ.પૂ. લાલજી મહારાજશ્રી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા આખામાં ફરીનેનૂતન મંદિરે શોભાયાત્રા વિરામપામી હતી.

ત્યારબાદ નૂતન મંદિરમાં શુભ મુહૂર્તમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ભુદેવોના વેદમંત્રોના ગાન સાથે અર્ચા સ્વરૂપ મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. ત્યારબાદ પ્રતિષ્ઠાવિધિની પ્રથમઆરતી ઉતારી ભક્તજનોને માટે મંદિરના દ્વાર ખુલ્લા કર્યા હતા.

ત્યારબાદ સભામંચમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના સ્થાન ગ્રહણ કર્યું હતું. યજમાનશ્રીઓ દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફૂલમાળાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂ. બ્રહ્મચારી શ્રી જ્ઞાનપ્રકાશાનંદજી - ગઢપુર, પૂ. એસ.પી તથા પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતો-ભક્તોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને પોતાની દિવ્યમય અમૃતવાણી અને સમીપ દર્શનનો લાભ આપી ધન્યભાગી બનાવ્યા હતા.



1



2



3



4



5



6



7



8

**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા**
**પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી**
**શ્રી સ્વામિનારાયણ મંદિર - ખસનો ભવ્ય રજત જયંતિ મહોત્સવ તેમજ શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ પારાયણ**

૧. કથા-પારાયણ અંતર્ગત ભગવાન શ્રીહરિના ગાદી પટ્ટાભિષેક મહોત્સવ પ્રસંગે પંચામૃતે જળે કરીને ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સંતો તથા યજમાનશ્રીઓ. ૨. મહોત્સવ પ્રસંગે પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની વિશાળ શોભાયાત્રા કાઢીને સ્વાગત કરતા ભક્તજનો. ૩. ભક્તજનોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪/૫. મહોત્સવનો લાભ લેતા બોટાદ તાલુકા વિસ્તારના ભક્તજનો. ૬. ઠાકોરજીના ૨૫મા પાટોત્સવ પ્રસંગે ધરાવેલ અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. કથા-પારાયણ અંતર્ગત યોજાયેલ અન્નકૂટોત્સવ. ૮. બોટાદ શહેરમાં યોજાયેલ રાત્રિ સત્સંગ સભામાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા લાભ લેતા ભક્તજનો.


















### તા. ૧૦ થી ૧૮ માર્ચ સુધી ઝાલાવડપ્રદેશના

## રતનપર (સુરેન્દ્રનગર)ને આંગણે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન પારાયણ

૧/૨. કથા-પારાયણના પ્રથમદિવસે રતનપર શહેરના મુખ્ય માર્ગ ઉપર નીકળેલ વિશાળ પોથીયાત્રામાં જોડાયેલ ઝાલાવડ પ્રદેશના ભક્તજનો. ૩. પૂ. વક્તાશ્રીનું પૂજન કરતા યજમાન શ્રી વિનુભાઈ, દેવેન્દ્રભાઈ, નિતેશભાઈ, સુધીરભાઈ સોમપુરા(સરધાર મંદિરના કોન્ટ્રાકટર) ૪. કથા-પારાયણ અંતર્ગત શ્રી ઘનશ્યામજન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરતા હરિભક્તો. ૫. શ્રી ઘનશ્યામ જન્મોત્સવ પ્રસંગે બાળપ્રભુનું મણીયારા રાસ દ્વારા સ્વાગત કરતા શ્રી હરિકૃષ્ણ યુવક મંડળ-રાજકોટના ઉત્સાહી યુવાનો. ૬. કથા-પારાયણ અંતર્ગત ભગવાન શ્રીહરિના ગાદી પટ્ટાભિષેક મહોત્સવ પ્રસંગે પંચામૃતે જળે કરીને ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સંતો તથા યજમાનશ્રીઓ. ૭/૮. કથા-પારાયણનું રસપાન કરતા ઝાલાવડ પ્રદેશના નિષ્ઠાવાન ભક્તજનો.

Shree Swaminarayan Chintan, March - 2008 Reg. No. GRJ - 517, Valid upto 31-12-08, RNI No. GUJGUJ10785/06/1/03 - TC


1


2


3


4


5


6


7


8

**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઝડકલા, કારિયાણી વગેરે ગામોમાં યોજાયેલ ભવ્ય 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવો...'**

૧. ઝડકલામાં નૂતન મંદિરનું ખાતમુહૂર્ત કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. ૨. ઝડકલામાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું શોભાયાત્રા દ્વારા સ્વાગત કરતા વિશાળ ભક્ત સમૂદાય. ૩. ઝડકલા નૂતન મંદિરના માર્ગદષ્ટા પૂ. કે.પી. સ્વામીને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. ઝડકલા નૂતન મંદિરમાં ભગવાન શ્રીહરિના અર્ચા સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫/૬. કારિયાણીમાં નૂતન મહિલા મંદિરમાં ઠાકોરજીની પ્રતિષ્ઠા કરતા તેમજ આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. કારિયાણીમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા નૂતન મહિલા મંદિરના આયોજક કો. ભક્તિપ્રસાદદાસજી સ્વામી. ૮. કારિયાણી મહોત્સવમાં 'ધામરૂડું કારિયાણી' વી.સી.ડીનું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

છબીકલા : પટેલ સ્ટુડીયો - ગારીયાધાર, મો. ૯૪૨૬૪ ૬૮૦૫૦, શ્રીહરિ ડીજીટલ સ્ટુડીયો - સુરત, મો. ૯૯૨૫૦૩૦૨૫૦

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas

Shreeji Art (079) 26580916, 9879606686